RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 211 Dt. 23-11-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

બંને દેશો ભાગીદારી, પ્રગતિ, સમૃદ્ધિ, પ્રેમ અને વિશ્વાસના આધારે ભવિષ્યનું કરશે નિર્માણ

## ભારત-ગુઆના સંબંધો ઊંડા અને કાયમી : મોદી

ગયાના ખૂબ જ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે : ભારતીય સમુદાયના સભ્યોએ પણ વડાપ્રધાનની મુલાકાત પર વ્યક્ત કરી ખુશી

નવીદિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના પાંચ દિવસીય પ્રવાસ પરથી પરત ફર્યા છે. તેણે આ પાંચ દિવસીય પ્રવાસની શરૂઆત નાઈજીરિયાથી કરી હતી અને ગયાનામાં પ્રવાસ સમાપ્ત કર્યો હતો. ગયાનાથી પરત ફર્યા બાદ તેણે ત્યાંની અદ્ભુત પળોને યાદ કરી. ડ્ઢ મોદીએ ગયાનાની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના પાંચ દિવસના પ્રવાસથી પરત ફર્યા છે. તેણે આ પાંચ દિવસીય પ્રવાસની શરૂઆત નાઈજીરિયાથી કરી હતી અને ગયાનામાં પ્રવાસ સમાપ્ત કર્યો હતો. ગયાનાથી પરત ફર્યા બાદ તેણે ત્યાંની અદ્ભુત પળોને યાદ કરી. પીએમ મોદીએ ગયાનાની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે.


પીએમ મોદીએ કેપ્શનમાં લખ્યું, રાષ્ટ્રપતિ ઈરફાન અલીએ ગયાનામાં તેમના નિવાસસ્થાને ૭ કરીનું ભોજન પીરસ્યું. આ ભોજન, પાણીના લીલીના પાન પર પીરસવામાં આવે છે, તે ગયાનામાં ખૂબ જ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે, જે આપણા બંને દેશો વચ્ચેના ઊંડા અને કાયમી સંબંધોને પ્રતિબિંબિત કરે છે. આ પહેલા પીએમ મોદીએ ગયાનામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું, 'તમે



એક ભારતીયને ભારતની બહાર લઈ જઈ શકો છો, પરંતુ તમે ભારતીયને ભારતની બહાર લઈ જઈ શકતા નથી. ભારતીય સમુદાયના સભ્યોએ પણ વડાપ્રધાનની મુલાકાત પર ખુશી વ્યક્ત કરી હતી.

પીએમને મંચ પર આમંત્રિત કરતા પહેલા ગયાનાના પ્રમુખ મોહમ્મદ ઈરફાન અલીએ પીએમ મોદી અને ભારતીય સમુદાયનો આભાર માન્યો હતો અને ભારત-ગુયાના સંબંધોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે અમે સાથે મળીને ભાગીદારી, પ્રગતિ, સમૃદ્ધિ, પ્રેમ અને વિશ્વાસના આધારે ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છીએ. PM મોદીએ ગયાનાના જ્યોર્જટાઉનમાં આયોજિત એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતી વખતે સ્ટેજ સંભાળ્યો અને ગયાના નેતાઓની ઉષ્મા અને દયા બદલ આભાર માન્યો. તેમણે કહ્યું કે તેમણે ભારત સરકારની 'માતાના નામમાં એક વૃક્ષ' પહેલ હેઠળ રાષ્ટ્રપતિ અને તેમની દાદી સાથે એક વૃક્ષ વાવ્યું હતું. તેણે કહ્યું કે આ એક ભાવનાત્મક ક્ષણ છે જેને તે હંમેશા યાદ રાખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયાનાની સંસદને સંબોધિત કરતા કહ્યું કે ભારત અને ગયાના વચ્ચેના સંબંધો આત્મીયતાથી ભરેલા છે. ગયાના સંસદે વિશેષ સત્ર યોજ્યું. આ જ સત્રને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ગયાના વચ્ચેનો સંબંધ ઘણો ઊંડો છે, તે માટી, પરસેવો અને મહેનતનો સંબંધ છે. લગભગ ૧૮૦ વર્ષ પહેલાં, એક ભારતીય ગયાનાની ધરતી પર આવ્યો હતો અને ત્યારથી, સુખી અને દુઃખદ બંને સ્થિતિમાં, ભારત અને ગયાના વચ્ચેના સંબંધો આત્મીયતાથી ભરેલા છે. આ પહેલા વડાપ્રધાન મોદીને ગયાના રાષ્ટ્રપતિ ઈરફાન અલી દ્વારા દેશનો સર્વોચ્ચ એવોર્ડ 'ધ ઓર્ડર ઓફ એક્સેલન્સ' આપવામાં આવ્યો હતો.




## મહારાષ્ટ્ર-ઝારખંડનું આજે પરિણામ : ભારે ઉત્તેજના

યુપી, બિહાર, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તરાખંડ અને કેરળના વાયનાડ પેટાચૂટણીનું પણ કાઉન્ટીંગ

નવીદિલ્હી, તા. ૨૨

આ વર્ષે ૧૩મી અને ૨૦મી નવેમ્બરે બે તબક્કામાં યોજાયેલી ઝારખંડની તમામ ૮૧ વિધાનસભા બેઠકો માટે અને ૨૦મી નવેમ્બર બુધવારના રોજ ૨૮૮ બેઠકોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામોનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. બંને રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની મતગણતરી આવતીકાલે એટલે કે શનિવારે સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. પહેલા પોસ્ટલ બેલેટ પેપરની ગણતરી કરવામાં આવશે અને ત્યારબાદ ઈવીએમમાં કેપ્ચર થયેલા મતોની ગણતરી કરવામાં આવશે. મતગણતરી સાથે જ બંને રાજ્યોની વિધાનસભા ચૂંટણીનો પ્રારંભ થશે. ચૂંટણી પંચ આજે ઝારખંડ અને મહારાષ્ટ્ર બંને રાજ્યોની તમામ વિધાનસભા બેઠકોના પરિણામો જાહેર કરે તેવી પણ અપેક્ષા છે. આ સિવાય યુપી, બિહાર, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તરાખંડ અને કેરળના વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા સીટ સહિત ઘણા રાજ્યોની વિધાનસભા સીટો પર ૧૩ અને ૨૦ નવેમ્બરે યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો પણ જાહેર કરવામાં આવશે.

૨૦ નવેમ્બર, બુધવારે મહારાષ્ટ્રની તમામ ૨૮૮ વિધાનસભા બેઠકો પર એક તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી અને હવે તમામની નજર પરિણામો પર છે. વર્તમાન ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધન અને મહા વિકાસ આઘાડી (MVA) વચ્ચે ચૂંટણીમાં સખત મુકાબલો છે. બુધવારે મતદાન બાદ એક્ઝિટ પોલના વલણો જાહેર થયા હતા. એક્ઝિટ પોલના વલણો અનુસાર, મહાયુતિ ગઠબંધન રાજ્યમાં ૧૧૮થી ૧૭૫ બેઠકો પર આગળ છે. જ્યારે મહા વિકાસ અઘાડી ગઠબંધનને માત્ર ૬૯ બેઠકો મળવાની આશા છે. વલણો મહા જોડાણની શક્યતા દર્શાવે છે, પરંતુ ખટઅ પણ રમતમાં છે, જેના કારણે રાજકીય પરિસ્થિતિ સ્પષ્ટ નથી. જો કે આવતીકાલે મતગણતરી પૂર્ણ થયા બાદ રાજ્યમાં આગામી સરકાર કોની બનશે તે સ્પષ્ટ થઈ જશે.

૨૮૮ સીટોવાળી મહારાષ્ટ્ર વિધાનસભાના પરિણામોની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેમાં કેટલાક વિસ્તારોની ખાસ ઓળખ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોની ગણતરી શનિવાર, ૨૩ નવેમ્બરના રોજ સવારે ૮:૦૦ વાગ્યે શરૂ થશે. ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કેટલીક મહત્ત્વની બેઠકો છે. તેમાં કોપરી-પચપાખરી પ્રદેશમાંથી એકનાથ શિંદે (શિવસેના), સાકોલીમાંથી નાના પટોલે (કોંગ્રેસ), નાગપુર દક્ષિણ-પશ્ચિમમાંથી દેવેન્દ્ર ફડણવીસ (ભાજપ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત વરલીથી આદિત્ય ઠાકરે (શિવસેના), બાંદ્રા પૂર્વથી જીશાન સિદ્દીકી (એનસીપી) અને બારામતીથી અજિત પવાર (એનસીપી) પર પણ ધ્યાનપૂર્વક નજર રાખવામાં આવશે. ચૂંટણી પરિણામો સંબંધિત માહિતી ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઈટ પર મેળવી શકાય છે. આ સિવાય વિવિધ ન્યૂઝ ચેનલો અને તેમની વેબસાઈટ પર લાઈવ કવરેજ જોઈ શકાય છે.

## ગૌતમ અદાણી ચર્ચાના ચકડોળે

ટ્રાયલ ટૂંક સમયમાં શરૂ થાય તેવી શક્યતા : અન્ય સાત લોકો પર લગાવાયા આરોપ

નવીદિલ્હી, તા. ૨૨

અમેરિકાએ ભારતના પ્રખ્યાત ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર ગંભીર આરોપ લગાવ્યા છે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે ન્યૂયોર્કની કોર્ટમાં દાવો કર્યો હતો કે પીઢ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને અન્ય સહયોગીઓએ પોતાના ફાયદા માટે રોકાણકારોને છેતરવાનું ષડયંત્ર રચ્યું હતું. આ સાથે આરોપીઓએ ભારતીય સરકારી અધિકારીઓને લાખો રૂપિયાના કોન્ટ્રાક્ટ મેળવવા માટે લાંચ આપવાનો પણ પ્રયાસ કર્યો હતો. જો કે, જ્યાં સુધી તેની સામેના આરોપો સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ ગણવામાં આવશે, પરંતુ હવે તેની સાથે શું થશે તે અહીં છે.

હાલમાં, અદાણીએ અમેરિકન પક્ષ દ્વારા કરવામાં આવેલા લાંચના આરોપો પર ઘણી અરજીઓ દાખલ કરી નથી, કારણ કે તે હજુ સુધી અમેરિકન કોર્ટમાં હાજર થયો નથી. જો તેઓને પ્રત્યાર્પણ કરવામાં આવે અથવા શરણે




કરવામાં આવે તો તેમના વકીલો અરજીને પડકારી શકે છે. તેઓ અરજી કરાર પર પણ વાટાઘાટ કરી શકે છે. ટ્રાયલ ટૂંક સમયમાં શરૂ થાય તેવી શક્યતા છે. પુરાવા પડકારો અને અદાણીના સાત સહ-પ્રતિવાદીઓ માટે અલગ ટ્રાયર્સ કેસમાં વિલંબ કરી શકે છે.

ભારતીય-અમેરિકન વકીલ રવિ બત્રાએ જણાવ્યું હતું કે, ''યુએસ એટર્ની બ્રાયન પીસ પાસે અદાણી અને અન્ય સાત આરોપીઓ સામે ધરપકડ વોરંટ જારી કરવાની સત્તા છે. આનો અર્થ એ થયો કે જો આ આરોપીઓ યુએસની બહાર અન્ય કોઈ દેશમાં રહે છે, તો જો કોઈ હોય તો. તે દેશે પણ તેમને અમેરિકન કાયદા મુજબ અમેરિકાને સોંપવા પડશે, જો તે દેશ સાથે પ્રત્યાર્પણ સંધિ હોય.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી સહિત સાત લોકો પર યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા આંધ્ર પ્રદેશ અને ઓડિશાના સરકારી અધિકારીઓને મોંઘી સૌર ઊર્જા ખરીદવા માટે લાંચ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આના પરિણામે અદાણી ગ્રૂપને આગામી વીસ વર્ષમાં બે અબજ ડોલરથી વધુનો નફો થઈ શક્યો હોત. જો કે, અદાણી ગ્રુપે આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે અમેરિકી પ્રોસિક્યુટરના આરોપો પાયાવિહોણા છે અને ગ્રુપ તમામ કાયદાઓનું પાલન કરે છે.




## રાજયમાં ૭ સ્થળો પર GSTના દરોડા

૩.૫૩ કરોડની પકડાઈ કરચોરી : અમદાવાદ ડાંગ નડિયાદમાં સર્ચ ઓપરેશન : બેટરી, તમાકુ અને સલુનના સંચાલક પર તવાઈ

રાજકોટ, તા. ૨૨

છેલ્લા લાંબા સમયથી જીએસટી વિભાગ દરેક ક્ષેત્રના વેપારીઓ પર તવાઈ બોલાવી રહ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે હાલ જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેમાં અનેકવિધ વેપારીઓને ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી ઝડપાય છે છેલ્લા બે સપ્તાહથી રાજ્યના અનેક વિસ્તારો અને શહેરોમાં સ્ટેજ જીએસટી અને સેન્ટ્રલ જીએસટીના સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે બેટરી, તમાકુ અને સલૂનના સંચાલકો પર દરોડા પાડવામાં આવ્યા હતા. હાલ મહત્વનું એ છે કે જે દરોડા પાડવામાં આવી રહ્યા છે તે મને કરચોરીઓને સામે લાવે છે ત્યારે હવે જરૂરી એ છે કે સરકાર આના પર જરૂરી પગલા લીએ. આવનારા દિવસોમાં પણ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી ત્યારે જીએસટીમાં ચોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે તેને ડામવા માટે સરકાર દ્વારા સેન્ટ્રલ એજન્સીને વિશેષ જવાબદારી સોંપી છે જેને ધ્યાને લઈને હાલ સ્ટેટ અને સેન્ટ્રલ જીએસટીની સાથો સાથ




ઈન્વેસ્ટિગેશન વિભાગ પણ દરોડા પાડી રહ્યું છે અને ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી ઝડપે છે.

GST વિભાગે ૩.૫૩ કરોડની ઈરઈ વેપારીઓ પાસેથી ઝડપાઇ કરચોરી ઝડપી છે. અમદાવાદ, ડાંગ, નડિયાદમાં ૭ વેપારીઓના ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. ઈન્વોઈસ વિના માલ વેચી કરચોરી કરતા હોવાનું ખુલ્યું છે. જેમાં અમદાવાદમાં ૨ બેટરી ડીલર, ડાંગમાં ૪ તમાકુ ડીલર અને નડિયાદમાં એક સલૂનમાં સર્ચ કરાયું હતું.

ગુજરાત રાજ્ય અને રાજય બહારની બોગસ પેઢીઓ પાસેથી ખોટી વેરાશાખ મેળવી ભરવાપાત્ર વેરાની રકમ સામે વેરાશાખ મજરે મેળવી ખૂબ ઓછો વેરો સરકારી તિજોરીમાં જમા કરાવી સરકારની મોટી રકમનું નાણાકીય નુકસાન પહોંચાડવામાં આવે છે. વિભાગ દ્વારા ઉંડાણપૂર્વક તપાસો હાથ ધરી ઘણી બધી પેઢીઓ શોધી કાઢી છે. આવી પેઢીઓ ઓપરેટ કરતાં ઓપરેટરોને શોધી તેઓની સામે ધરપકડ સહિતની કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે.

સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા બોગસ બિલિંગ દ્વારા થતી કરચોરીના કેસોમાં કાર્યવાહીની ઝુંબેશ ચાલી રહી છે. જે અંતર્ગત GST વિભાગે બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને સ્ટેટ GST વિભાગે ઈરઈ ( બિઝનેસ ટુ કસ્ટમર) સેક્ટરના વેપારીઓ પાસેથી ૩.૫૩ કરોડની કરચોરી ઝડપી પાડી છે. ઈન્વોઈસ વિના માલ વેચતા વેપારીઓ પર હાથ ધરાયેલા સર્ચમાં કરચોરી ઝડપાઈ છે. જેમાં ખાસ કરીને અમદાવાદ, ડાંગ, નડિયાદમાં કુલ ૭ વેપારીઓના ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. અમદાવાદમાં ૨ બેટરી ડીલર, ડાંગમાં ૪ તમાકુ ડીલર અને નડિયાદમાં એક સલૂનમાં GST વિભાગે દરોડા પાડ્યા હતા. વેપારીઓ બિલ વિના વેચાણ કરી તેમજ મૂળ વેચાણના આંકડા છુપાવીને કરચોરી કરતા હોવાનું સામે આવ્યું છે.

### આજીવસાહતમાં આવેલી દરવાજના હેન્ડલ બનાવતી પેઢી સાથે થોરાળા વિનોદનગરમાં રહેતાં કારીગરે ઠગાઇ આચરીઃ પોલ પકડાતાં માફી માંગી, શેઠે દયા ખાઇ ફરિયાદ ન કરીઃ પણ પછી કહી દીધુ કે-હવે ફરિયાદ કરી લ્યો, કંઇ આપીશ નહિ

# કારીગરની કારીગીરીઃ પેઢીમાંથી ૨૪.૮૦ લાખનો માલ સગેવગે કર્યો

### દિવાળી પહેલા પેઢીમાં હિસાબ થતાં માલમાં લાખોની ઘટ આવીઃ કારીગરો પર નજર રાખતાં હેમંત રંગેહાથ ઝડપાયોઃ રણછોડનગરના જગદીશભાઇ લુણાગરીયાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવી FIR

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

અમુક કારીગરો કર્મચારીઓ એવા હોય છે જે પોતે જે પેઢી સંસ્થા કે કંપનીમાં નોકરી કરતાં હોય ત્યાં આજીવન વફાદારી દાખવી કામ કરતાં હોય છે. પોતાની પેઢી માટે તેઓ સતત મહેનત કરતાં હોય છે. પરંતુ અમુક કારીગરો કર્મચારીઓ પૈસાની લાલચમાં આવી જઇ એવુ કામ કરતાં હોય છે કે શેઠ તેને શોધવા નીકળી પડતાં હોય છે. કંઇક આવી જ એક ઘટના આજી વસાહતમાં આવેલી રણછોડનગરના વેપારીની દરવાજાના ઝીંકના હેન્ડલ બનાવવાની ફેક્ટરીમાં બની છે. અહિ બે વર્ષથી કાયમી કારીગર તરીકે કામ કરતાં નવા થોરાળા વિનોદનગરના શખ્સે છ સાત મહિના દરમિયાન કાચો પાકો માલ છાનામુના બહારવીને બહાર લઇ જઇ સગેવગે કરી રૂા. ૨૪,૮૦,૭૪૦ની ઉચાપત કરતાં ફરિયાદ દાખલ કરવાઇ છે.

આજી વસાહતમાં આવેલી એલટેક પેઢીમાં લાખોના માલની ઘટ આવતાં ભાગીદારોએ તપાસ કરતાં આ કારીગર બહાર માલ લઇ જતો નજરે ચડ્યો હતો. બાદમાં તે પેઢી મુકીને જતો રહ્યો હતો. તેનો સંપર્ક કરતાં ભુલ થઇ ગઇ છે, જે નુકસાની છે તે ભરપાઇ કરી દેશે તેમ કહી માફામાફી કરી હતી. પરંતુ બાદમાં તેણે હવે ફરિયાદ કરવી હોય તો કરી લો, હું તમને કંઇ આપવાનો નથી તેમ કહી દીધુ હતું. આ બનાવમાં થોરાળા પોલીસે રણછોડનગર સોસાયટી-૧ દેરાસરવાળી શેરી પટેલ વાડી પાસે ભાવનગર રોડ પર સિધ્ધી વિનાયક ખાતે રહેતાં ચાલીસ વર્ષના જગદીશભાઇ ચતુરભાઇ લુણાગરીયાની ફરિયાદ પરથી તેની હાર્ડવેરની પેઢીના કારીગર નવા થોરાળા વિનોદનગર શેરી નં. ૨ ગોકુલપરાની બાજુમાં રહેતાં હેમત મનસુખભાઇ સાગઠીયા અને તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ રૂા. ૨૪,૮૦,૭૪૦ની ઉચાપત કર્યાની એફઆઇઆર દાખલ કરી છે. જગદીશભાઇ લુણાગરીયાએ જણાવ્યું છે કે મારે ૮૦ ફુટ રોડ પર આજી વસાહત-૫માં પીએમ ડીઝલ પાછળ મેકવેલ એક્સપોર્ટની સામે એલટેક હાર્ડવેર નામની હાર્ડવેર મેન્યુફેક્ચરીંગની પેઢી છે.

તેમણે આગળ કહ્યું હતું કે આ પેઢીમાં મારા કૌટુંબીક ભાઇઓ અલ્પેશભાઇ કાંતિભાઇ લુણાગરીયા અને નલીનભાઇ કાંતિભાઇ લુણાગરીયા પણ ૫૦ ટકાની ભાગીદારી ધરાવે છે. મારી સાથે મારા પિતા ચતુભાઇ અને માતા મંજુબેન તથા પત્નિ અંજુબેન રહે છે. મારે બે બાળકો છે. એલટેક હાર્ડવેર પેઢી ૨૦૧૨થી હું ચલાવુ છું. અમે આ પેઢીમાં ઝીંક મેટલના દરવાજાના હેન્ડલ બનાવીએ છીએ અને ગુજરાત તેમજ બીજા રાજ્યોમાં ઓર્ડર મુજબ માલ આપીએ છીએ. અમારી આ પેઢીમાં પરમેનેન્ટ પગારદાર કારીગર તરીકે ૬ લોકો કામ કરે છે. જેમાં રાકેશભાઇ મીઠાભાઇ ભાલાળા, જયદિપભાઇ જયરાજભાઇ દોમડીયા, હેમંતભાઇ મનસુખભાઇ સાગઠીયા, સાહિલભાઇ અનિલભાઇ રૈયાણી, નિલેષભાઇ રાજેશભાઇ પનારા અને ધવલભાઇ શાંતિભાઇ લુણાગરીયા છે.

આ ઉપરાંત બીજા પંદર મહિલા કર્મચારીઓ રોજમદાર તરીકે કામ કરે છે. આ પેઢી માટે અમે ઝીંક ધાતુનો કાચો માલ મંગાવી મેન્યુફેકચરીંગ કરી દરવાજના અલગ અલગ ડીઝાઇનના હેન્ડલ બનાવીએ છીએ. અમે પેઢીનો હિસાબ દર વર્ષે માર્ચ મહિનામાં કરીએ છીએ. માર્ચ-૨૦૨૪માં હિસાબ કરાવતાં બરાબર આવ્યો હતો. ત્યારબાદ દિવાળીનો તહેવાર આવતાં પેઢીનો કાચો હિસાબ કરતાં ઝીંક ધાતુનો કાચો માલ ૪૮૬૨ કિલો જેની કિમત રૂા. ૧૭,૯૮,૯૪૦ તથા તૈયાર માલ




૯૭૪ કિલો જેની કિમત રૂા. ૬,૮૧,૮૦૦ છે તેમ કુલ માલ ૫૮૩૬ કિલો કે જેની કિમત રૂા. ૨૪,૮૦,૭૪૦ થાય છે તેની ઘટ આવી હતી. આથી અમે બધા ભાગીદારોએ ભેગા થઇ પેઢીમાં કામ કરતાં કાયમી અને રોજમદાર મળી બધા કારીગરો, કર્મચારીઓ ઉપર નજર રાખવાનું શરૂ કર્યુ હતું. એ દરમિયાન અમને જાણવા મળેલુ કે અમારી પેઢીમાં પરમેનેન્ટ તરીકે કામ કરતાં કારીગર હેમંત મનસુખભાઇ સાગઠીયા ગત ૨૭/૧૦/૨૪ના રોજ અમારી પેઢીમાંથી દસથી પંદર ટ્રે ભરીને તૈયાર માલ લઇને જતો હતો. તેની સાથે રોજમદાર તરીકે કામ કરતો મુકેશકુમાર બંસરાજ સરોજ નામનો વ્યક્તિ હેમંત સાગઠીયાના ટુવ્હીલર જીજે૦૩એમકે-૬૭૧૮માં બેસી બહાર જતા દેખાયા હતાં.

હેમંત અને મુકેશને આ રીતે બહાર જતાં મારા ભાગીદાર નલીનભાઇ લુણાગરીયાએ જોયુ હતું. જેથી તેણે મને ફોન કરીને જાણ કરી હતી કે આપણો કારીગર હેમંત સાગઠીયા પેઢીમાંથી તૈયાર માલની દસ કે પંદર ટ્રે ભરીને ટુવ્હીલર પર બહાર ગયો છે તું તપાસ કર તે આ માલ કોને આપવા ગયો છે? જેથી મેં અમે રાજકોટમાં જેને જેને અમારો માલ આપીએ છીએ ત્યાં ફોન કરીને પૃછા કરી હતી કરી હતી. પરંતુ બધાએ ના પાડી હતી. ત્યારબાદ અમે ભાગીદારોએ નક્કી કર્યુ હતું કે સીધા હેમંત સાગઠીયાને પુછશું તો તે સાચ્ચો જવાબ નહિ આપે, પણ તેની સાથે ગયેલા મુકેશ સરોજને પુછીએ. આ પછી અમે મુકેશને બોલાવી પુછ્યું હતું કે તું અને હેમંત સાગઠીયા જે માલ લઇને ગયા હતાં તે ક્યાં છે? કોને આપ્યો? જેથી મુકેશે કહેલુ કે આપણી પેઢીની પાછળની શેરીમાં મટીરીયલ ઓગાળવાની ભઠ્ઠી છે ત્યાંગયા હતાં.

મુકેશે આ ભઠ્ઠી જોઇ હોઇ જેથી અમે તેને સાથે લઇને અમારી પેઢી પાછળ શિવ મેટલ નામની ભઠ્ઠીએ ગયા હતાં. ત્યાં જોયુ તો અમારી પેઢીનો તૈયાર માલ બાચકામાં ભરેલ મળ્યો હતો અને બાકીનો ઓગાળી નાખ્યો હતો. શિવ મેટલ ચલાવતાં બકુલભાઇને અમે પુછેલુ કે-આ અમારી પેઢીનો માલ તમારી પાસે ક્યાંથી આવ્યો? જેથી તેણે કહેલુ કે તમારી પેઢીનો કર્મચારી હેમંત સાગઠીયા મને આપી ગયો છે. વધુ તપાસ કરતાં ખબર પડી હતી કે હેમંત છેલ્લા છ સાત મહિનાથી આ રીતે માલ આપી જાય છે. એ તમારી પેઢીમાં નોકરી કરતો હોઇ જેથી મને કોઇ શંકા ઉપજી નહોતી અને મે વધુ પુછતાછ કરી નહોતી. એ પછી શિવ મેટલમાંથી અમે અમારો આશરે ૩૫ કિલો માલ પાછો લાવ્યા હતાં. બીજી તરફ હેમંત અમારી પેઢી છોડી જતો રહ્યો હોઇ તેના ફોન પર સંપર્ક કરતાં તેણે ફોન ઉપાડતાં અમે તેને વાત કરતાં તેણે કહેલુ કે મારી ભુલ થઇ ગઇ છે, મેં તમારી પેઢીમાંથી છ સાત મહિનાથી દરરોજ આ રીતે થોડો થોડો માલ કાઢીને વેંચી નાખ્યો છે, તમારી જે નુકસાની થઇ છે તે હું ભરપાઇ કરી આપીશ.

આ પછી અમે તેને રૂબરૂ આવવા કહેલુ પણ ઘણી રાહ જોવા છતાં તે આવ્યો નહોતો. તેનો ફોન પણ બંધ આવતો હતો. આ પછી તેના પિતા મનસુખભાઇને ફોન કરી વાત કરતાં તેમણે કહેલુ કે મને આ બાબતે કંઇ ખબર નથી, હેમંત ઘરે આવશે તો તરત તમને જાણ કરીશ. આ પછી હેમંતનો ફોન મને આવ્યો ન હોઇ તા. ૨૯/૧૦/૨૪ના રોજ હું તેના ઘરે ગયો હતો. ત્યારે હેમંત તેના પિતા મનસુખભાઇ અને પરિવારના બીજા સભ્યો હાજર હતાં. મેં હેમંતને તે આવુ શું કામ કર્યુ? તેમ પુછતાં તેણે ફરીથી કહેલુ કે મારી ભુલ થઇ ગઇ છે, હું તમારી બધી નુકસાની ભરી દઇશ. અમે તેને તેની સાથે બીજુ કોણ કોણ છે? તેમ પુછતાં તેણે પોતે એકલો જ આવુ કરતો હોવાનું કબુલ્યું હતું. બાદમાં મેં તેને હું તારા પર પોલીસ કેસ કરુ છું તેમ કહેતાં હેમંત અને તેના પિતા મનસુખભાઇએ પોલીસ કેસ ન કરો અમે કારખાને આવીએ છીએ ત્યાં જે નુકસાની થઇ છે તેનો હિસાબ કરી લખાણ કરી લઇએ. જેથી હું સહમત થતાં મારા ભાગીદારો સાથે વાત કરી હતી. એ પછી દિવાળીનો તહેવાર આવતો હોઇ હેમંત કે તેના પિતાને અમે ફોન કર્યો નહોતો. ત્યારબાદ દિવાળીની રજા પુરી થતાં હેમંતના પિતા મનસુખભાઇને ફોન કરતાં તેણે કહેલુ કે-હવે પોલીસ ફરિયાદ કરવી હોય તો કરી નાખજો, હવે અમે કંઇ તમને આપવાના નથી.

આ પછી પણ અમે હેમંત સાથે વચલો રસ્તો કાઢવા અને અમારો માલ કોને કોને વેંચ્યો છે? તે જાણવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તે કંઇ જણાવતો નહોતો અને ખોટા વાયદાઓ કરતો હોઇ અંતે અમે ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. હેમંત અમારી પેઢીમાં જાન્યુઆરી-૨૦૨૨થી કાયમી કારીગરની મહિનાના પગારદાર તરીકે નોકરી કરતો હતો. તેણે છ સાત મહિનામાં જુદા જુદા સમયે અમારી પેઢીમાંથી તૈયાર અને કાચો મળી કુલ ૨૪,૮૦,૭૪૦નો ૫૮૩૬ કિલો માલ છુપાવીને બહાર લઇ જઇ વેંચી નાખ્યો હોઇ અને અમારી સાથે ઉચાપત કરી હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં જગદીશભાઇ લુણાગરીયાએ જણાવતાં થોરાળા પોલીસ સ્ટેશનના પોલીઇ ઇન્સ્પેક્ટર એન. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ એસ. આર. જોગરાણાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે. આમ વધુ એક કારીગરે પોતે જ્યાં કામ કરતો ત્યાં જ ખોટુ કર્યુ હતું.



# ફૂડ વિભાગ હરકતમાં

## ૨૪ ધંધાર્થીઓની હાથ ધરાઇ ચકાસણી

### ૨૪ નમૂનાની સ્થળ પર કરાઇ ચકાસણી
### ત્રણ સેમ્પલ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટ તા. ૨૨

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જીવરાજ પાર્ક તથા ચુનારાવાડ સર્કલ થી અમુલ સર્કલ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૪ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૪ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી.

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ને છેલ્લા ઘણા સમયથી અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ થતું હોવાનું માલુમ પડી રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં આ અંગે વધુ ગંભીર પગલાં લેવામાં આવે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ તો નવાઈ નહીં કારણકે શહેરના વિવિધ વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ફ્લાયિંગ વિઝીટ કરવામાં આવી રહી છે અને તેમાં પણ અનેક ગેરરીતિઓ થતી હોવાનું માલુમ પડ્યું છે.

### લાયસન્સ મેળવવા બાબતે અપાય સૂચના

હરિકૃષ્ણ ફાર્મસી, ટી હાઉસ, રજની પાઉંભાજી, અતુલ આઇસ્ક્રીમ, શ્રીહરી નેચરલ કોઠી આઇસ્ક્રીમ, પટેલ ગોગળી, પટેલ સુરતી પાવભાજી, જે કે એન્ટરપ્રાઇઝ, રાજસિંગ, મહાકાળી પાણીપુરી

### ૧૩ પેઢી પર હાથ ધરાઈ ચકાસણી

ઘનશ્યામ ડેરી ફાર્મ, સ્નોબોલ આઇસ્ક્રીમ, પટેલ વિલેજ આઇસ્ક્રીમ, પટેલ સોડા આઇસ્ક્રીમ, મયુર ભજીયા, સોમનાથ પાઉભાજી, પટેલ ફરસાણ, શ્રીનાથજી ટ્રેડિંગ, મારુતિ આઇસ્ક્રીમ, તુલસી લાઈવ બેકરી, જય યોગેશ્વર ડેરી ફાર્મ, પટેલ પાન, ગમારા પાન, શ્રી શક્તિ ટી સ્ટોલ

### નમુનાની કામગીરી

**ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ દર્શાવેલ નીચે મુજબ વિગતે કુલ ૦૩ નમૂના લેવામાં આવેલ**

(૧) આસોપાલવ પ્રીમિયમ ક્વોલિટી રિફાઇન્ડ કોટન સીડ ઓઇલ (પેક્ડ બોટલ): સ્થળ- ધરતી ટ્રેડ્સ, શોપ નં.ઈ-૩૨, જૂનું માર્કેટિંગ યાર્ડ, છઝ્ઝ્ઘ પાસે, રાજકોટ.

(૨) HAZEL DRY FRUITS- JAWAR CHIWDA (200 GM PACK): સ્થળ- હેઝલ એન્ટરપ્રાઇઝ, સિલ્વર કલાસિક, ગંગા હોલની સામે, અમીન માર્ગ, રાજકોટ.

(3) HAZEL DRY FRUITS- PISTA SALTED (250 GM PACK): સ્થળ- હેઝલ એન્ટરપ્રાઇઝ, સિલ્વર કલાસિક, ગંગા હોલની સામે, અમીન માર્ગ, રાજકોટ.

### ચિંતન શિબિર-૨૦૨૪ બીજો દિવસ

# લોકહિત માટે AI ટેકનોલોજી બનશે અસરકારકઃ CM

### સરકારી સેવાઓ અત્યંત સુદ્રઢ બને તે માટે વિશેષ સત્રનું કરાયુ આયોજન : યુવાનોને સ્થાનિક કક્ષાએ જ રોજગારીની તકો પૂરી પાડવામાં આવશે

રાજકોટ, તા. ૨૨

સોમનાથ ખાતે આયોજિત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે 'સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નોલોજી'ના ઉપયોગ તથા 'એ. આઈ. અને ડેટા એનાલિટિક્સ' વિષય પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજવામાં આવ્યું હતું.એનવીડિયાના ડાયરેક્ટર જીગર હાલાણીએ સરકારની જન કલ્યાણકારી સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં એ.આઈ. ટેકનોલોજીના ઉપયોગ અંગે વિશદ જાણકારી આપી હતી.



જીગર હાલાણીએ ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવા માટે હાલ થઈ રહેલી કામગીરી અંગે છણાવટ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે છે અને ન્યાયાલયોમાં પણ એ.આઈ.નો અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારના લોકહિતકારી અભિયાનોને વધુ અસરકારક બનાવવા તથા પ્રજાહિતલક્ષી સેવાઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે એ.આઈ. ટેક્નોલોજીને માધ્યમ બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી આવી યોજનાઓનો લાભ કઈ રીતે સરળતાથી પહોંચાડી શકાય તે બાબતે તેમણે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું.

ગુજરાતની સંસ્કૃતિ, સભ્યતા અને કળાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, તે સંદર્ભમાં આ સંસ્કૃતિની સાથે વણાયેલી સ્થાનિક કળાઓને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરીને સ્થાનિક કસબી - કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે એ.આઈ.નો વ્યાપક ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગે પણ તેમણે વિસ્તૃત વિવરણ રજુ કર્યુ હતું. સ્થાનિક કારીગરોના આવા ઉત્પાદનોને વધુ સારી રીતે વૈશ્વિક બજારમાં પ્રદર્શિત કરવા તથા તેમના વ્યાપારને વધુ મોટા પાયે વિસ્તરણ કરવા માટે એ.આઈ. ટેકનોલોજીનો સુચારુ ઉપયોગ કરવાની દિશા અંગે પણ આ સત્રમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગુજરાતના યુવાનોને સ્થાનિક કક્ષાએ જ રોજગારીની તકો પૂરી પાડવામાં એ.આઈ. ટેક્નોલોજી કેવી રીતે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે તે અંગે એ.આઈ.નો ઉપયોગ વધારવા માટે સરકાર જે પગલાઓ લઈ શકે તેની વિગતવાર રજુઆત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી તેમણે કરી હતી. આ સત્રમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવ રાજકુમાર તથા શિબિરમાં સહભાગી થયેલા ઉચ્ચ અધિકારીઓ ચર્ચામાં જોડાયા હતા અને વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને અનુરૂપ આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સના આ ઈમર્જિંગ સેક્ટરનો રાજ્યના સર્વગ્રાહિ વિકાસમાં વિનિયોગ કરવા સામૂહિક વિચાર મંથન કર્યુ હતું.

# અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા રોડ એન્જિનિયરિંગ - સાઈનેજીસ પર ભાર

### રાજકોટ જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષતામાં યોજાઈ

રાજકોટ, તા. ૨૨

નિવાસી અધિક કલેકટર શ્રી ચેતન ગાંધીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે રાજકોટ જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. હાઈવે પર વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે રોડ એન્જિનિયરિંગ અને સાઈનેજીસ પર ભાર મુકતા નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ખાસ કરીને બ્લેક સ્પોટ આસપાસ વાહન ચાલકોને ચેતવણીરૂપ યોગ્ય સાઈનેજીસ લગાવવા જરૂરી છે. તેમજ ડાયવર્ઝન પહેલા દૂરથી જ વાહન ચાલકોને માર્ગદર્શન મળી જાય તેમજ ડાયવર્ઝન પાસેના રોડને સ્મૂધ બનાવી વાહન સરળતાથી પસાર થાય તે પ્રકારે આયોજન કરવા ખાસ સૂચના આપી હતી.



હાઈવે પર રખડતા ઢોરના કારણે સંભવિત અકસ્માત ટાળવા ઢોર દૂર કરવા અને જરૂર પડ્યે તેમના માલીક પર કાયદેસર કાર્યવાહી કરવા પણ તેઓએ તાકીદ કરી હતી. વાહન ચાલકો સીટબેલ્ટ તેમજ હેલ્મેટ પહેરે તે તેમની જ સુરક્ષા માટે જરૂરી હોઈ તમામ લોકો રોડ સેફટીના નિયમોનું પાલન કરે તેમ શ્રી ગાંધીએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું. રોડ સેફટીની જાણકારી અભ્યાસ સાથે જ જરૂરી હોવાનું જણાવી નિવાસી અધિક કલેકટરશ્રીએ શાળા-કોલેજમાં જનજાગૃતિના વધુને વધુ કાર્યક્રમો કરવા સંબંધિત વિભાગને માર્ગદર્શન આપ્યું હતું.

ધોરીમાર્ગો પર અકસ્માતનું પ્રમાણ સતત ઘટે તે દિશામાં કરવામાં આવતી કામગીરી અર્થે રોડ રીપેરીંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, કેટ આઈ, રમ્બલ સ્ટ્રીપ, સ્પીડ લીમીટ, સ્પીડ બ્રેકર, સાઈનેજીસ, હાઈવે - એપ્રોચ કનેક્ટિવિટી પાસે રોડ એન્જિનિયરિંગ કામગીરી યોગ્ય રીતે થાય તે માટે નેશનલ હાઈવે, આર.એન્ડ.બી. સ્ટેટ તેમજ ગ્રામ પંચાયતના અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી, નેશનલ હાઈવે ડિવિઝન રૂડા દ્વારા સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો પુરી પાડી હતી. આર.ટી.ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા હાઈવે પર ઓવર સ્પીડ, સીટ બેલ્ટ, હેલ્મેટ અંગે ચલાવવામાં આવેલી ઝુંબેશ, જનજાગૃતિ અંગે કરવામાં આવેલા સેમિનારની વિગતો પૂરી પાડવામાં આવી હતી. આ બેઠકમાં આર.ટી.ઓ અધિકારી કે. એમ. ખપેડ, રોડ સેફટી કાઉન્સિલના જે.વી.શાહ, ટ્રાફિક એ.સી.પી. ગઢવી સહીત એન.એચ.એ.આઈ., એન.એચ. ડિવીઝન, ડીસ્ટ્રીકટ આર.એન્ડ.બી., સિવિલ, ૧૦૮ સહીત વિવિધ વિભાગના અધિકારી તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગમે તેની સાથે મિત્રતા-પ્રેમ કરતાં પહેલા બસ્સો વખત વિચાર કરવો પડે તેવી હાલત

# લેભાગુએ વિધવાને ફસાવી લાખો પડાવ્યા, દૂષ્કર્મ પણ આચર્યુ

## મકાન માટે લોન લેવા જે એજન્ટનો સંપર્ક કર્યો તેણે પ્રેમજાળમાં ફસાવી સત્યાવીસ લાખ પડાવ્યાઃ કુંવારો છે લગ્ન કરશે કહી દેહ પીંખ્યોઃ પછી ખબર પડી કે પરણેલો હતોઃ ગુનો નોંધાતા ભાગી ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

આજના યુગમાં ઈન્ટરનેટરનો ઉપયોગ નાના બાળકોથી માંડી વૃધ્ધો સહિતના સૌ કોઇ કરે છે. ખુબ જ ઉપયોગી એવી આ સેવાને કારણે આજના યુગમાં માણસ પળવારમાં દુનિયાના કોઈપણ છેડે સંપર્ક કરી શકતો થયો છે. સોશિયલ મિડીયાના અલગ અલગ પ્લેટફોર્મ પણ ઈન્ટરનેટની સેવાને કારણે ધમધમી રહ્યા છે. જો કે આ માધ્યમોનો ઉપયોગ સારા કામો ઉપરાંત ખોટા અને બીજાને ફસાવવાના કામોમાં પણ ખુબ થાય છે. બીજી તરફ આવા માધ્યમોથી મહિલાઓ, યુવતિઓનો સંપર્ક કરી તેને ફસાવીને શોષણ કરવાની ઘટનાઓ પણ બનતી રહે છે. લવ સેક્સ ઔર ધોખાની વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક શખ્સે હોમલોનના નામે વિધવા શિક્ષીકાને ફસાવી સત્યાવીસ લાખ પડાવી લીધા બાદ પોતે કુંવારો છે અને લગ્ન કરવા માંગે છે તેવી લાલચ આપી બળાત્કાર ગુજારી શારીરિક શોષણ પણ કર્યુ હતું. તેની કરતૂત ઉઘાડી પડી જતાં તે ફરાર થઇ ગયો હતો. બીજા બનાવમાં સોશિયલ મિડીયાથી એક મહિલાને મેસેજ કરી ઢગો તેના ઘરમાં ઘુસી ગયો હતો અને નિર્લજ્જ હુમલો કર્યો હતો.

વિગતો જોઈએ તો આ બનાવ સુરતના જહાંગીરપુરા વિસ્તારની છે. ગોપીપુરાના લોન એજન્ટે શિક્ષિકાને હોમ લોન અપાવવાના નામે ૨૭ લાખ રૂપિયા પડાવ્યા હતા. શિક્ષિકાએ રૂપિયા પરત માંગતા ગઠિયાએ લગ્નની લાલચ આપી રેપ કર્યો હતો. જોકે લોન એજન્ટ પરિણીત હોવાની ખબર પડતા શિક્ષિકાએ રાંદેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે એજન્ટ ભાવિન અશોક લાકડાવાલા (રહે, ઢિંગલી ફળિયુ-,ગોપીપુરા) સામે રેપ અને ચીટિંગનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે જાહેર કરેલી વિગતો જોઈએ તો જહાંગીરપુરામાં રહેતી બેતાલીસ વર્ષીય શિક્ષિકાના પતિ વર્ષ ૨૦૨૧ પહેલા અવસાન પામ્યા હતા. શિક્ષિકા તેના સંતાન સાથે ભાડેના મકાનમાં રહેતી હતી.

તેણીને મકાન માટેલોનની જરૂર હતી. એ દરમિયાન લોન એજન્ટે તેણીને લોન પર મકાન અપાવવાની વાત કરી હતી. જેના કારણે બન્ને એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ધીરે ધીરે બંને



**બીજા બનાવમાં સોશિયલ મિડીયાથી પરિણીતાને મેસેજ કરી ઘરમાં ઘુસી છરીની અણીએ બળાત્કારનો પ્રયાસ**

વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને એજન્ટે શિક્ષિકાને લગ્ન કરવાની વાત કરી હતી. શરૂઆતમાં ભાવિને શિક્ષિકાને મદદ કરી હતી. ભરોસો જીતી જીત્યાં બાદ ભાવિને શિક્ષિકાના ઘરેણાં પર ગોલ્ડ લોન અને અલગ અલગ ક્રેડિટ તેના નામે ઈશ્યુ કરાવી ૨૬.૭૪ લાખની રકમ પડાવી હતી. બાદમાં શિક્ષિકાએ ભાવિનને લગ્નની વાત કરતાં તેણે ના પાડી હતી. તપાસ કરતાં ભાવિન પરિણીત હોવાનું સામે આવ્યું હતું. હાલ પોલીસે ફરાર આરોપી ભાવિનને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

આમ લવ સેક્સ ઔર ધોખાની વધુ એક ઘટના સામે આવી હતી. લેભાગુઓ લવના નામે લફરા કરી સગીરાઓ, વિદ્યાર્થીનીઓ, યુવતિઓ, પરિણીતાઓ કે પછી વિધવાઓને પણ ફસાવી લેતાં હોય છે. આ ઘટનામાં પણ એક વિધવા મહિલા લેભાગુનો શિકાર થઇ ગઇ હતી. પ્રેમના નામે હવસખોરે આ મહિલાનું આર્થિક અને શારીરિક શોષણ પણ કર્યુ હતું. લાલબત્તી સમાન આ ઘટના પરથી કહી શકાય કે ગમે તેની સાથે મિત્રતા, પ્રેમમાં પડતાં પહેલા સો બસ્સો વખત વિચાર કરવાનો આજનો સમય છે. આ પ્રકારની અનેક ઘટનાઓ અત્યાર સુધીમાં બની ચુકી છે. જેમાં આ વધુ એક ઘટના સામેલ થઇ છે.

બીજી એક ઘટના જોઈએ તો તેમાં મહિલાની ઘરમાં ઘુસી આબરૂ લૂંટવાનો પ્રયાસ થયો હતો. વડોદરાના પાદરામાં રહેતી પરિણીતાને આદિલભાઇ આરીફભાઇ મલેક (રહે. ટાવર રોડ, પાદરા ટાઉન) સોશિયલ મીડિયા એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર બીભત્સ મેસેજ મોકલતો હતો. તાજેતરમાં મહિલાના પતિ ઘરે હાજર ન હતા ત્યારે આદિલ મહિલાના ઘરે અચાનક ઘૂસી આવ્યો હતો. ત્યારબાદ આદિલે મહિલા જોડે જબરદસ્તી કરીને શારીરિક સંબંધ બાંધવાનો પ્રયત્ન કર્યો હતો. જેનો પરિણીતાએ વિરોધ કરતા આદિલે પરિણીતાને ચાકુ બતાવીને આ બાબતની જાણ કોઈને કરશે, તો જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી હતી. એટલું જ નહીં વધુમાં ધમકી આપતા તેણે કહ્યું કે, તારા પતિને ખોટા કેસમાં ફસાવી દઇશ.આખરે આ ઘટનાનો ભોગ બનનાર મહિલાએ આબરૂ લેવાનો પ્રયાસ કરનાર આદિલ આરીફભાઇ મલેક (રહે. ટાવર રોડ, પાદરા ટાઉન) સામે પાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બંને ઘટનામાં પોલીસે આરોપીઓને પકડી લેવા તજવીજ કરી હતી.

# દિપક ચહર, દીપક હુડ્ડા જેવા ખેલાડીઓ રાજકોટમાં બોલાવશે સટાસટી

## સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ૨૦૨૪ માટે નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રાજસ્થાનની ટીમ રંગ જમાવશે

રાજકોટ, તા. ૨૨

રાજસ્થાન ક્રિકેટ ટીમ શનિવારે રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ઈ ખાતે બિહાર સામે સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ૨૦૨૪ અભિયાનની શરૂઆત કરશે. રાજસ્થાન ભારતની પ્રીમિયર ડોમેસ્ટિક ઝ૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીના ગ્રુપ અમાં છે. ગ્રુપ અમાં મિઝોરમ, મેઘાલય, હૈદરાબાદ, મધ્યપ્રદેશ, પંજાબ અને બંગાળ અન્ય ટીમો છે. દરેક ટીમ લીગ તબક્કા દરમિયાન એક જ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં સમાન જૂથની અન્ય તમામ ટીમો સામે એકવાર રમશે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪માં કુલ ૩૮ ટીમો છે, જેને આઠ ટીમોના ત્રણ જૂથો અને સાત ટીમોના બે જૂથોમાં વહેંચવામાં આવી છે. પાંચ જૂથોમાંથી દરેકમાં ટોચની ક્રમાંકિત ટીમો અને શ્રેષ્ઠ બીજા સ્થાને રહેલી ટીમ સીધી ક્વાર્ટર ફાઈનલ માટે ક્વોલિફાય થશે.

અન્ય ચાર બીજા સ્થાનની ટીમો પ્રારંભિક ક્વાર્ટર ફાઇનલમાં ટકરાશે અને વિજેતાઓ ક્વાર્ટર-ફાઇનલમા છેલ્લા બે સ્થાનો પર કબજો કરશે. રાજસ્થાન ગ્રૂપ સ્ટેજ દરમિયાન કુલ સાત મેચો રમશે જેમાં ચાર સૌરાષ્ટ્ર





ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ સી ખાતે અને ત્રણ મેચ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાશે. ૨૦૧૮ના ફાઈનલિસ્ટનો મુકાબલો ૨૫ નવેમ્બરે આ જ સ્થળે તેમની બીજી ગ્રુપ મેચમાં મિઝોરમ સામે થશે.

ગયા અઠવાડિયે રણજી ટ્રોફીમાં ત્રેવડી સદી ફટકારનાર પ્રથમ રાજસ્થાની બેટ્સમેન બનીને ઈતિહાસ રચનાર મહિપાલ લોમરોર સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪ની આવૃત્તિ માટે ટીમનું નેતૃત્વ કરશે. તે વર્તમાન રણજી ટ્રોફી અભિયાનમાં રાજસ્થાન માટે ૧૦૫.૮૦ ની આશ્ચર્યજનક સરેરાશથી પાંચ મેચમાં ૫૨૯ રન સાથે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ છે.

ડાબોડી સ્પિનર માનવ સુથાર લોમરરના ડેપ્યુટી હશે, જ્યારે ૨૦૨૩ની આવૃત્તિમાં રાજસ્થાનના સૌથી વધુ રન-સ્કોરર અને અગ્રણી વિકેટ લેનાર દીપક હુડા અને દીપક ચહર પણ ૧૫ સભ્યોની ટીમનો ભાગ છે.

રાહુલ ચહર અને અનિકેત ચૌધરીની જોડી વર્તમાન રણજી ટ્રોફી સિઝનમાં રાજસ્થાન ટીમનો ભાગ બન્યા બાદ સફેદ બોલ સેટઅપમાં ટીમ સાથે રહેશે. આ દરમિયાન, ફાસ્ટ બોલર કમલેશ નાગરકોટી, જે છેલ્લે ડિસેમ્બર ૨૦૨૨માં રાજસ્થાન તરફથી રમ્યો હતો, તે પણ ટીમમાં પાછો ફર્યો છે.

### રાજસ્થાન ક્રિકેટ ટીમ

મહિપાલ લોમરોર (કેપ્ટન), માનવ સુથાર (વાઈસ-કેપ્ટન), દીપક હુડા, સુમિત ગોદારા, કાર્તિક શર્મા, અભિજીત તોમર, રાજેશ બિશ્નોઈ, આદિત્ય રાઠોડ, કમલેશ નાગરકોટી, રાહુલ ચહર, દીપક ચહર, અનિકેત ચૌધરી, ભરત શર્મા , રામ ચૌહાણ, ઝુબેર અલી.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગોખો નહિ, જીવો

## કથા મંગલારંભ: રામાયણ જીવનમાં ઉતરે તો આદર્શ પરિવારોનું નિર્માણ થાય



વૃદ્ધાશ્રમ.. આ શબ્દ સાંભળવો પણ ગમતો નથી. વડીલો ઘરની બહાર ધકેલાય એ સમાજની શરમ ગણાય. રાજકોટમાં વિશ્વનું સૌથી મોટું વૃદ્ધાશ્રમ નિર્માણ થઈ રહ્યું છે. ઉપરોક્ત તર્ક પ્રમાણે વિશ્વની સૌથી મોટી શરમ ગણાય,પણ...

વૃદ્ધાશ્રમના સ્વપનદ્રષ્ટા વિજયભાઈ ડોબરિયા આ અંગે સચોટ તર્ક આપતા કહે છે કે, જે વડીલોના પરિવારમાં કોઈ જ નથી, તેવા વડીલોનું કોણ ? આ પ્રશ્ન મોટો છે. તે અંગે ઊંડાણથી વિચારો તો ખ્યાલ આવશે કે, વર્તમાનમાં મોટાભાગના દંપતીઓ એક સંતાન ધરાવે છે. આ કારણે ભવિષ્યમાં વડીલોની સેવાનો મોટો પ્રશ્ન સર્જાશે. સામાજિક પ્રવાહો જે દિશામાં દોડે છે એ જોતા વડીલોની સેવા માટેની સંસ્થાઓ અનિવાર્ય બનશે. દીર્ઘ અને સકારાત્મક દ્રષ્ટિકોણ વાસ્તવિક્તા ને નજરમાં રાખીને ચિંતન કરશો તો આ વાત સમજાશે.


રૂ.૩૦૦ કરોડના માતબર ખર્ચે નિરાધાર વડીલોના સેવાધામના લાભાર્થે રાજકોટમાં આજથી પૂ. મોરારીબાપુના વ્યાસાસને રામકથાનો પ્રારંભ થય રહ્યો છે. ઐતિહાસિક આયોજન છે. ચોમેર થનગનાટ ફેલાયો છે. દિવ્ય કથારસ વહેવાનો છે. રાજકોટ માટે આ લ્હાવો ગણાય.કથા દરમિયાન લાખો શ્રોતાઓ ઉમટવાના છે. આયોજકોએ બારીકાઈથી મેનેજમેન્ટ કરીને દરેક માટે વ્યવસ્થા ગોઠવવા પ્રયાસો કર્યા છે. લોકોએ પણ મેનેજમેન્ટ સાથે સહકારભર્યું વલણ રાખવું જોઈએ.

એક મુદ્દો ખુબ મહત્વનો છે. કથા સાંભળવા આવનાર દરેક શ્રોતાને રામાયણના લગભગ દરેક પ્રસંગોનો ખ્યાલ જ છે, તો શામાટે કથા સાંભળે છે ? આ પ્રશ્નનો જવાબ આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી આપવો પડે તેમ છે. દરેક માણસ એ સ્તરે જીવન જીવતા હોય છે. મનનું સ્તર અને હૃદયનું સ્તર. મનનું સ્તર માનસિક પ્રભાવથી ઘડાય, હૃદયનું સ્તર આત્મિક પ્રવાહોથી ઘડાય.

આપણે હજાર વખત કથા માણી- જાણી હોય, પણ એ મોટા ભાગે મનના સ્તરે જ રહેલી હોય છે. કથાઓ દિવ્ય છે, પણ એ મનના સ્તરથી નીચે આત્મિક પ્રવાહમાં વહેવી જરૂરી હોય છે.આત્મિક પ્રવાહને દિવ્યતાની ભૂખ હોય છે, તેથી તેઓ માણસને કથામાં જવા વારંવાર પ્રેરે છે. રામાયણની કથા જાણ્યા બાદ એ કથામાંથી પ્રેરણા લઈને તે અનુસાર જીવવાનો પ્રયાસ કરતા રહો તો રામાયણ હૃદય પ્રવાહોમાં ઉતરે. એ ઉતર્યા બાદ જીવન રામમય બની જાય. આવું થયા પછી કથા સાંભળવાનું આકર્ષણ ઘટી શકે.

રામકથા ગોખવાની એટલે કે કંઠસ્થ કરવાની જરૂર નથી. રામકથા જીવવાનો વિષય છે. કથાનો ધબકાર જીવનમાં ધબકવા લાગે તો આદર્શ પરિવારોના સર્જન થઈ શકે, ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરુષોતમ છે. મર્યાદા પડતી મુકીને રામકથા સાંભળો તો એ હૃદય પ્રવાહમાં ન ઉતરે.

સદભાવના પરિવારે રાજકોટને અલૌકિક અવસર આપ્યો છે. આ અવસરનો દિવ્ય લાભ ઉઠાવે તે શ્રેષ્ઠતમ શ્રોતા ગણાય.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# અદાણી સામે અમેરિકામાં કેસ? કોને, કેટલું નુકસાન થઈ શકે?

**અદાણી માટે આ કેસ અગ્નિ પરીક્ષા છે. બહુ લાંબી કાનૂની લડત લડવી પડશે : શું અદાણી જામીન મેળવી શકશે? આરોપો સાચા પુરવાર થયા તો ધરપકડ થઈ શકે : શું ભારત સરકાર આ મુદ્દે કોઈ તપાસ કરશે? અને કેસ ચાલશે ત્યાં સુધી ભારતનું રાજકારણ ગરમ રહેવાનું : વિપક્ષ નરેન્દ્ર મોદી સામે આક્ષેપો કરતો રહેશે**

ન્યુયોર્કની કોર્ટમાં અદાણી સામે ફરિયાદ થઈ છે અને એમની સામે વોરંટ નીકળ્યું છે. આ ઘટના ભારતનાં અર્થકારણ જ નહિ પણ ભારતના રાજકારણ માટે મહત્વ ધરાવે છે. કારણ કે, બીજા નંબરના ધનિક ગૌતમ અદાણી સામે આ ફરિયાદ છે અને અદાણી હવે માત્ર ભારતમાં જ નહિ વિદેશોમાં પણ ઔદ્યોગિક સામ્રાજય ધરાવે છે. આ કેસે વિપક્ષને એક મુદો પૂરો પાડી દીધો છે અને કોંગ્રેસ સહિતના પક્ષોએ ભાજપ અને સરકાર પર હુમલા શરૂ કરી દીધા છે. અને ભાજપ માટે આ વેળા જવાબ દેવાનું આસાન નહિ બને કારણ કે, આ કેસ અમેરિકામાં થયો છે અને ત્યાની કોર્ટમાં ચાલવાનો છે.



આ કેસ શું છે અને એની ગંભીરતા કેટલી છે એ સમજી લેવાની જરૂર છે. આ કેસમાં અદાણી ગ્રીન અને એક બીજી મોરેશિયસની કંપની એજ્યોર પાવર કમ્પનીની સંડોવણી છે. અને એમના પર આરોપ છે એમણે સોલાર એનર્જી માટેના પ્રોજેક્ટ માટે ૨૨૦૦ કરોડની લાંચ ભારતમાં જુદા જુદા અધિકારીઓને આપી છે. ૨૦૧૯ અને ૨૦૨૦થી આ વાત શરૂ થાય છે. શરૂઆતમાં ભાવ વધુ હોવાથી કોઈ રાજ્ય કરાર માટે તૈયાર થયા નહોતા. અને પછી લાંચ આપવાની વાત આવે છે. મૂળ ૧૨ ગીગાવોટ સોલાર એનર્જી ઉત્પન્ન કરવા માટેનો આ પ્રોજેક્ટ છે. અદાણી ગ્રીનને ૮ ગીગાવોટ અને એજ્યોરને ૪ ગીગાવોટ માટે મંજૂરી મળવાની હતી. અને પછી વાત સ્વીકારાઈ અને એમાં આંધ્રપ્રદેશ, ઓડીશા, જમ્મુ અને કશ્મીર, તામીલનાડુ અને છતીસગઢ રાજ્યો સાથે કરાર થયા. આ કરાર કેન્દ્રીય એજન્સી સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા થકી થયા છે.

હવે કોર્ટમાં કેસ એવો છે કે, આ પ્રોજેક્ટ માટે બંને કંપનીઓએ અમેરિકામાંથી જુદી જુદી નાણા સંસ્થાઓ પાસેથી રૂ. ૧૧,૦૦૦ કરોડ અને બોન્ડ થકી ૬,૨૫૪ કરોડ મેળવ્યા છે. અને એ વાત મહત્વની છે કે, અમેરિકામાં ફોરેન કરપ્ટ પ્રેક્ટીસ એક્ટ એવો કાયદો છે અને તપાસ બાદ જણાયું છે કે, આ પ્રોજેક્ટ મેળવવા બંને કંપનીઓ દ્વારા લાંચ અપાઈ છે અને અમેરિકાના રોકાણકારો સાથે છેતરપીંડી થઈ છે. આ પ્રોજેક્ટથી અદાણીને ૨૦ વર્ષમાં ૧૬,૮૮૧ કરોડનો નફો થવાનો હતો પણ લાંચ અપાઈ અને ખોટી માહિતી પણ આપવામાં આવી છે એવો આરોપ છે. એફબીઆઈ દ્વારા તપાસ થઈ ત્યારે ખબર પડી કે, બંને કમ્પની વચ્ચે જે કોમ્યુનીકેશન થયું એ ડેટા ડીલીટ કરી દેવાયો છે. બંને વચ્ચે કોડવર્ડ દ્વારા વાત થતી હતી.

અને આ કેસમાં ગૌતમ અદાણી એમના ભત્રીજા સાગર, વિનીત જૈન કે જે એમની કંપનીનાં પૂર્વ સીઈઓ છે, આ ઉપરાંત અન્ય પાંચ નામો છે. પણ મહત્વની

ખબર ની KHABAR



કૌશિક મહેતા

વાત એ છે કે, હવે શું? કેસના કારણે અદાણીને નુકસાન થવાનું શરૂ થઈ ચુક્યું છે. કેસના સમાચાર આવ્યા અને અદાણીના શેરોમાં ૨૦ ટકા ગાબડું પડ્યું છે પણ બીજા દિવસે થોડી રીકવરી જોવામાં મળી પણ હવે અપ ડાઉન ચાલશે. બીજું કે કેન્યાએ એના એરપોર્ટ સંચાલનનો કરાર હતો એ રદ કરી નાખ્યો છે. અને એ કરાર ૭૦૦ મીલીયન ડોલર હતો. કેસ થયા બાદ તુરંત કેન્યા સરકારે કરાર રદ કર્યો છે. અદાણીના વિદેશોમાં ઘણા બધા પ્રોજેક્ટ છે અને કેવી અસર થશે એ જોવાનું છે.

એક બીજી વાત યાદ રાખવા જેવી છે કે, વોરંટ નીકળ્યું એટલે અદાણીની ધરપકડ થાય એમ નથી. અદાણીએ આરોપો નકારી તો દીધા છે અને કહ્યું છે કે, આ માત્ર આરોપ છે એ સિદ્ધ થયા નથી. પણ વાત અહી પૂરી થતી નથી. એમના સામે આરોપ મુકાયા છે એમને પડકારવા પડશે. જામીન માટે અરજ કરવી પડશે. અને ન્યુયોર્ક કોર્ટમાં બાત ના બની તો અમેરિકાની સુપ્રીમ કોર્ટ સુધી લડવું પડશે. અને આરોપો સિદ્ધ થયા તો પ્રત્યાર્પણ નીચે અદાણીની ધરપકડ થઈ શકે છે. પણ એ પહેલા લાંબી કાનૂની પ્રક્રિયા ચાલશે. એમાં કેટલો સમય લાગશે એ કહેવું મુશ્કેલ છે અને ત્યાં સુધી આ કેસ ગુંજતો રહેશે.

અદાણી સામે હિન્ડબર્ગ દ્વારા કેટલાક આક્ષેપો મુકાયા હતા અને એમાં સેબી પર પણ આરોપો હતા પણ એ મુદ્દે સેબી દ્વારા તપાસ કરાઈ અને ક્લીન ચીટ અપાઈ. અમેરિકામાં કેસ છે એ ત્યાં લડવો પડશે. અને એ આસાન નથી હોતું. આ માટે અદાણી બહુ મોટાપાયે તૈયારીઓ કરવી પડશે. આ કેસ એમના માટે આબરૂ નો સવાલ છે. આમે ય એમની સામે કોંગ્રેસ અને અન્ય વિપક્ષ આક્ષેપો કરતા આવ્યા છે. અત્યાર સુધી એ બચતા આવ્યા છે પણ આ કેસ અમેરિકામાં થયો હોવાથી એમની કસોટી થવાની છે અને સતત આક્ષેપો માટે તૈયાર રહેવું પડશે.

રાહુલ ગાંધીએ તો આક્ષેપો શરૂ કરી દીધા છે. અને કહ્યું છે કે, ભારતમાં જ અદાણીની ધરપકડ થવી જોઈએ પણ થશે નહિ કારણ કે એમની પાછળ નરેન્દ્ર મોદી ઉભા છે. ભાજપે જવાબ આપવાની કોશિશ કરી છે અને જે તે વેળાની કોંગ્રેસ કે અન્ય વિપક્ષી સરકાર હતી ત્યારે કરાર થયા છે પણ ભાજપ એ વાત ભૂલી ગયો કે, કેન્દ્રીય એજન્સી સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા થકી રાજ્યો સાથે કરાર થયા છે એટલે કેન્દ્રની એજન્સી પણ શંકાના ઘેરામાં આવે છે. અને આ જ વાત આંધ્રના પૂર્વ સીએમ રેડ્ડીએ કહી છે કે, સીધો રાજ્યએ કરાર કર્યો નથી.

અને એનાથી પણ મહત્વની વાત એ છે કે, અમેરિકામાં કેસ થયા બાદ અને ૨૨૦૦ કરોડની લાંચ સરકારી અધિકારીઓને અપાઈ છે એવો આરોપ છે એ મુદે ભારત સરકાર કે એની એજન્સીઓએ કોઈ પ્રતિભાવ આપ્યો નથી. શું કોઈ તપાસ અદાણી સામે થઈ શકે છે ? તપાસ કરવી જોઈએ? આવા પ્રશ્નો પુછાય એ સ્વાભાવિક છે. અદાણીને ભારતમાં સરકારી પ્રોજેક્ટ મોટી સંખ્યામાં મળ્યા છે અને સતત આક્ષેપો થતા આવ્યા છે કે, મોદી સરકાર અદાણીની તરફેણ કરે છે અને એ માટે નિયમોને તાક પર મુકે છે. પણ ભાજપ એવા આક્ષેપોને નકારતો આવ્યો છે પણ અમેરિકામાં થયેલા કેસ ભાજપ અને મોદી સરકાર માટે ય મુશ્કેલીઓ સર્જી શકે છે. અને આરોપ સાચા ઠર્યા તો ભારત સરકાર શું કરશે? આવા કેટલાય સવાલોનાં જવાબ મળવા બાકી છે. ભારતના ઈતિહાસમાં કોઈ ભારતીય કંપની સામે આવડો મોટો લાંચ કેસ અમેરિકામાં થયાનો કદાચ આ પહેલો દાખલો છે. અને હા, મોદી અને અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મિત્રો છે શું એની અસર આ કેસ પર પડી શકે છે? હા, અમેરિકી પ્રમુખ પાસે સત્તા છે કે, કોઈ કેસને એ રદ કરી શકે છે. પણ એમ તો ટ્રમ્પનાં દીકરા સામે ય કેસ છે અને એ રદ થયો નથી. એટલે અદાણી સામેનો કેસ ટ્રમ્પ કેસ પાછો ખેંચે એવી શક્યતા નથી. અદાણીએ કાનૂની લડત આપવી જ રહી.

**સાત કરોડની હેરાફેરી થઇ છે તેમાંથી તમને અડસઠ લાખ મળ્યા છે...તમેય સામેલ છો કહી ટ્રાયના અધિકારીના નામે ફોન કર્યો**

# ડોક્ટરને ડિજીટલ એરેસ્ટ કરી ૧૪ લાખની ઠગાઇનું ઈન્જેકશન


**સીબીઆઇના નામે પણ ફોન કર્યાઃ પોલીસ અધિકારીનો ડ્રેસ પહેરીને ગઠીયાએ વિડીયો કોલથી ખુભ ડરાવ્યાઃ તપાસ પુરી થયે તમારા નાણા પાછા મળશે કહી લાખો ઉસેડી લીધા**

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૨૨

ઓનલાઇન ફ્રોડની દુનિયામાં ડિજીટલ એરેસ્ટ કરી લોકો પાસેથી લાખો કરોડો પડાવી લેવામાં આવે છે. રોજબરોજ આવા કિસ્સાઓ સામે જાગૃત થયા સાયબર ક્રાઇમ પોલીસ અને સરકાર લોકોને ચેતવે છે. આમ છતાં લોકો ફસાઇ જાય છે અને મસમોટી રકમ ગુમાવી બેસે છે. વધુ એક ડિજીટલ એરેસ્ટનો બનાવ સામે આવ્યો છે જેમાં ગઠીયાઓએ એક ડોક્ટરને ફસાવી ચૌદ લાખ પડાવી લીધા છે.

ચોંકાવનારી અને ચેતવણીરૂપ એવી આ ઘટનામાં આ વખતે એક ડોક્ટર શિકાર બન્યા છે. વિગતો પર નજર કરીએ તો ભરૂચ જિલ્લામાં ડિજિટલ અરેસ્ટનો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ઇખર ગામમાં પ્રેક્ટિસ કરતા તબીબને મોબાઇલ પર વીડિયો કોલ કરી ડિજિટલ અરેસ્ટ ટેલિફોન રેગ્યુલેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા-ટ્રાઇ, સીબીઆઇ તેમજ આરબીઆઇના અધિકારીઓ તરીકે ઓળખ આપી હતી. તેના ચૌદ લાખ રૂપિયા ચોવીસ કલાકના વાયદે બીજા એકાઉન્ટમાં નખાવડાવી ઠગાઇ કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે સાયબર ક્રાઈમે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વધુ માહિતી અનુસાર હાલમાં સમગ્ર ભારતમાં હાલમાં ડિજિટલ અરેસ્ટ કરીને સામેવાળા વ્યક્તિને ફોનથી જ ટોર્ચર અને વાતોમાં ભોળવી લાખો રૂપિયાની ભેજા બાજો ઠગાઈ કરતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે આવો જ ભરૂચ જિલ્લામાં ડિજિટલ અરેસ્ટનો કિસ્સો -કાશમાં આવ્યો છે. જેમાં ભરૂચના ટંકારિયા ગામમાં રહેતા અને ઇખર ગામે ખાનગી ડોકટર બશીરઅહેમદ ઇબ્રાહિમ મનમનના મોબાઇલ પર એક વ્યક્તિનો કોલ આવ્યો હતો. જેમાં તેણે પોતાનું નામ રાહુલ



કુમાર હોવાનું તેમજ તે પોતે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાના અધિકારી તરીકે ઓળખ આપી હતી.

આ પછી એ ગઠીયાએ તબીબના આધારકાર્ડ પર જે મોબાઈલ નંબર ચાલુ તેની તમામ સેવાઓ બંધ થઈ જશે અને તેમના નામ પર મુંબઈમાં ખરીદેલા સીમકાર્ડનો નંબર કેનેરા બેન્કના એકાઉન્ટમાં લિંક કરવામાં આવ્યો છે. જેનાથી ૬.૮૦ કરોડ રૂપિયાની હેરાફેરી થઇ છે અને તેના બદલામાં તેમને ૬૮ લાખ રૂપિયા મળ્યાં છે. આ સાંભળતા જ તબીબ ગભરાઈ ગયા હતા. જેથી તેમને કોલ કરનાર વ્યક્તિને તમામ વિગતો આપી દીધી હતી. ત્યારબાદ તેણે હવે તમારી પર અંધેરી પૂર્વના સીબીઆઇ હેડ ક્વાટર્સ અધીકારી પ્રદિપ સાવંતનો કોલ આવશે તેમ કહી કોલ કાપી નાખ્યો હતો.

આ રીતે ફોન કોલ આવ્યા બાદ બીજા દિવસે ફરીથી તબીબ પર વીડિયો કોલ આવ્યો હતો. જેમાં તેમની સાથે પોલીસ અધિકારીનો ડ્રેસ પહેરેલાં વ્યક્તિએ તેમને પોતે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનનો અધિકારી હોવાનું જણાવી તેમની ધરપકડની ધમકી આપી તેમને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. આ ઉપરાંત તેમનો ફોન જ્યારે પણ આવે ત્યારે ઉપાડી લેવાનો નહીં તો ધરપકડ કરશે તેવી ધમકી આપી હતી. ત્યારબાદ તેના ખાતામાં કેટલાં રૂપિયા છે પુછતાં તેમણે ૧૫ લાખ હોવાનું જણાવ્યું હતું. બીજા દિવસે પુર્ને ફોન કરી કેસની તપાસ ચાલું હોય ૨૪ કલાક માટે તેમના ખાતામાંના રૂપિયા તેમણે આપેલાં ખાતા નંબરમાં જમા કરવા જણાવ્યું હતું. તેમજ તપાસ પૂરી થયેથી ૨૪ કલાકમાં તેમના રૂપિયા પરત મળી જશે તે જણાવતાં તબીબે ડરના માર્યે કશુંય વિચાર્યા વગર તેમના ખાતાના ૧૪ લાખ રૂપિયા સામેથી આપેલા ખાતાના નાખી આપ્યા હતા.

પરંતુ ઘણો સમય વીતી જતાં પોતાના રૂપિયા ખાતામાં પરત નહીં આવતા ઠગાઈ થઇ હોવાનું માલુમ પડતાં તેમણે ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સામેથી ફોન કરનાર વ્યક્તિ પોલીસ અધિકારી જેવો ડ્રેસ પહેરી પોતે અધિકારી હોવાનો દાવો કરી સામેવાળાને ડરાવી ધમકાવી કહે છે કે, તમારું આધાર કાર્ડ, સિમ કાર્ડ, બેંક એકાઉન્ટ મની લોન્ડરિંગ અથવા ડ્રગ સ્મગલિંગ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે જોડાયેલું છે. આમ કરીને સામેવાળા વ્યક્તિને ફસાવી તેમની પાસેથી તેમના એકાઉન્ટ સહિતની તમામ વિગતો મેળવી લેતા હોય છે. જોકે વિક્ટિમ કાનૂની કાર્યવાહી અને સમાજમાં શરમ વિશે વિચારીને પરેશાન થઈ જાય છે અને કંઈપણ કરી શકતો નથી. આ તકનો લાભ ઉઠાવી ઠગાઈબાજો તેમની પાસેથી કેસ પતાવવા અથવા તો તપાસ દરમિયાન લિંક ખોલાવી તેમના એકાઉન્ટ ખાલી કરી દેતા હોય છે. ત્યારે આવા ફ્રોડથી બચવા હમેશા સતર્ક રહેવું જોઈએ અને કઈ પણ લાગે સાયબર ક્રાઈમ પોલીસમાં જાણ કરવી જોઈએ. જેથી આ પ્રકારના ફ્રોડથી બચી શકાય.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## ભૈરવ અષ્ટમીના દિવસે શિવના રૌદ્ર સ્વરૂપ ગણાતા કાલ ભૈરવનું સાચું મહાત્મ્ય જાણીએ



શ્રાવણ ભાદરવો અને આસોનાં તહેવારો પૂરાં થયાં એટલે કે ક્યાંક કોઈકે ધાર્મિક મહાત્મય સાથે તો ક્યાંક તહેવાર એટલે કે ઉજવણી ઉત્સવ મુખ્ય અને પાછળ ધર્મ એમ સૌએ પોતપોતાની માનસિકતા મુજબ ત્રણ મહિના વધતે ઓછે અંશે આનંદોત્સવ મનાવ્યો. હવે તો ગુજરાતી નવાં વર્ષનો પ્રથમ એટલે કે કારતક માસનો પણ અત્યારે ઉતરાર્ધ ચાલે છે, અને આજે કારતક વદ આઠમ એટલે કે ભૈરવ અષ્ટમી છે! અર્થાત કાલ ભૈરવ દાદાનાં અવતરણનો દિવસ. કાલ ભૈરવને શિવનાં અંશ તરીકે કે શિવનાં રૌદ્ર સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે, અને ભૈરવ અષ્ટમીનાં દિવસે તેની વિશેષ પૂજા કરવામાં આવે છે. તેની પૂજાથી મૃત્યુનો ભય દૂર થાય છે, અને જીવન વ્યવહારનાં દુઃખ, કષ્ટ,કે પીડા માંથી મુક્તિ મળે છે. ભારતમાં ઉજ્જૈન તથા વારાણસી ખાતે કાલ ભૈરવનાં મુખ્ય મંદિર આવેલ છે, કાશીમાં કાળ ભૈરવને કાશીના કોતવાલ માનવામાં આવે છે, જ્યારે ઉજ્જૈન ના કાલ ભૈરવ મદિરા પાન કરે છે, એવી તેની વિશેષતા પણ છે. વૈદિક પંચાંગ મુજબ આ વખતે ભૈરવ અષ્ટમી તા ૨૨ થી ૨૩ સાંજ સુધી રહેશે! પણ કાલ ભૈરવની પૂજા રાત્રી એ થતી હોવાથી આ તહેવાર તારીખ ૨૨ નવેમ્બરને શુક્રવારે ઉજવવામાં આવશે, પણ બેય દિવસ છે ખરી.

સનાતન ધર્મના ગ્રંથોમાં ૬૪ કાળભૈરવની પૂજા કરવાનું વિશેષ મહત્વ આલેખવામાં આવ્યું છે. તે પ્રમાણે પ્રત્યેક સાધક પોતાની શક્તિ અને ભક્તિ મુજબ કાલભૈરવ દાદાની પૂજા કરીને તેમના અને તેમના પરિવાર પર ભૈરવ દાદા કૃપા દ્રષ્ટિ બનાવી રાખે તે માટે કાલ ભૈરવ અષ્ટમીએ પૂજા કરતા હોય છે. શિવપુરાણમાં કાલભૈરવ દાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભગવાન શિવના ભાગમાંથી જ કાલ ભૈરવ દાદાનું પ્રાગટ્ય થયાં હોવાનો ઉલ્લેખ પણ શિવ પુરાણમાં જોવા મળે છે. વર્તમાન સમયમાં કાળભૈરવ દાદાની પૂજા, બટુક ભૈરવ, અને કાલભૈરવના રૂપમાં તેમના સાધકો દ્વારા કરવામાં આવતી હોય છે. પરંતુ તંત્ર સાધનામાં ભૈરવના આઠ સ્વરૂપ વર્ણવવામાં આવ્યા છે. આ સ્વરૂપ પૈકી ભીષણ ભૈરવ, ચંદ્ર ભૈરવ, કુદ્ર ભૈરવ, રુદ્ર ભૈરવ, અસિતંગા ભૈરવ, સંહાર ભૈરવ, કપાળી ભૈરવ, મનમત ભૈરવ તરીકે પૂજવામાં આવે છે.

કાલ ભૈરવ અવતરણ દિવસ એટલે કે ભૈરવ અષ્ટમી સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. ધાર્મિક માન્યતા અનુસાર પૃથ્વી પરના પાપોને નષ્ટ કરવા માટે ભગવાન શિવજી ગુસ્સે થયાં, તે સમયે કાળ ભૈરવની ઉત્પત્તિ થઈ હતી. એક ધાર્મિક માન્યતા મુજબ કાળ ભૈરવે બ્રહ્માજીના મસ્તકને પોતાના નખથી કાપી નાખ્યું હતું, કારણ કે બ્રહ્માજી એ પૃથ્વી પરના પાપોના નાશ કરવા માટે પોતાની અસમર્થતા દર્શાવી હતી. બ્રહ્માજીના મસ્તકનું છેદન કરવાથી કાળ ભૈરવને બ્રહ્મ હત્યાનું પાપ પણ લાગ્યું હતું, તેવી ધાર્મિક માન્યતા આજે પણ સનાતન ધર્મના ગ્રંથોમાં જોવા મળે છે.

એકવાર ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એક પર્વત પર બેસીને કોણ મોટો દેવ ? એવી ચર્ચા કરી રહ્યા હતા. સૌએ પોતાની બડાઈ ગાઈ પણ આ ચર્ચા કોઈ નિષ્કર્ષ પર ન પહોંચી. બ્રહ્માજીનાં ૫ મુખ હતાં તેથી તેમણે ૪માંથી ૪ વેદની રચના કરી. બ્રહ્માજી ચાર વેદની ઉત્પત્તિ પછી પણ રાજી ન થયા અને સર્જન કરવા લાગ્યા. આવી સ્થિતિમાં શિવ ક્રોધિત થઈ ગયાં અને તેમની ત્રીજી આંખ ખૂલી ગઈ. આંખ ખૂલતાંની સાથે જ એ આંખમાંથી પ્રકાશ દેખાયો. ૫ વર્ષના છોકરાના રૂપમાં બટુક ભૈરવ ઉત્પન્ન થયા. બટુક ભૈરવ બ્રહ્માજીને અન્ય સર્જન ન કરવાં મનાવવા ગયા. પરંતુ બ્રહ્માજીની જીદ અને તેમણે બટુક ભૈરવને બાળક માનીને તેમનો તિરસ્કાર કર્યો, આથી ગુસ્સે થઈને કાલ ભૈરવનું રૂપ ધારણ કર્યું અને પોતાની તીક્ષ્ણ આંગળી વડે ભગવાન બ્રહ્માના પાંચમા મુખને વીંધી નાખ્યું. જેના કારણે કાલભૈરવ પર બ્રહ્માની હત્યાનો આરોપ લાગ્યો હતો. બટુક ભૈરવ શિવ પાસે આવે છે, અને તે પાપમાંથી મુક્તિ વિશે પુછે છે. શિવ તેને પ્રવાસ પર જવા માટે કહે છે અને પ્રવાસ દરમિયાન કાલભૈરવ ઉજ્જૈના અવંતિકા નગરમાં ક્ષિપ્રા નદીમાં સ્નાન કરે છે, ત્યારબાદ મહાકાલ વનમાં જાય છે અને પર્વત પર તપસ્યા કરે છે. આ સ્થાન ભૈરવ પર્વત તરીકે ઓળખાય છે, અને અહીં તપસ્યા દરમિયાન ભૈરવ બ્રહ્માની હત્યાના દોષમાંથી મુક્ત થાય છે.

કાળ ભૈરવ દાદાનું વાહન કાળા રંગનો શ્વાન છે. જેથી આજના દિવસે શ્વાન અને ખાસ કરીને કાળા રંગના શ્વાનને દૂધ પીવડાવવાથી દાદાને પ્રસન્ન કરી શકાય છે. વધુમાં કાલભૈરવ દાદાને ખીચડી, ભાત, ગોળ, તલ જેવા નૈવેદ્ય પણ અર્પણ કરવામાં આવે છે. કાળભૈરવ જયંતીના દિવસે વ્રત કરવાથી રોગ દુઃખ અને શત્રુની પીડામાંથી મુક્તિ મેળવવા માટે કાલાષ્ટમીની પૂજા મદદરૂપ બને છે. ભૈરવ અષ્ટમીના દિવસે દાદાની ઉપાસના કરવાથી પ્રત્યેક મનુષ્યના જીવનમાંથી નકારાત્મક શક્તિઓ અને શત્રુ દૂર થાય છે.

કોઈપણ ધાર્મિક તહેવાર નું સનાતન ધર્મ અનુસાર આપણે જાણવું જરૂરી છે, અને એ માટે આ લેખ લખાયો છે! પરંતુ આપણે આ તહેવારની મૂલવણી સાત્વિક શ્રદ્ધાથી કરવાની છે! બિલકુલ અંધશ્રદ્ધા વધે એનું ધ્યાન રાખવાનું છે! એકવીસમી સદીમાં પૂજા એટલે પ્રેમ એ સત્ય છે, એ યાદ રાખવું. કાલ ભૈરવના મહાત્મ્ય માં આપણે ઉપર જોયું તેમ કાલભૈરવની પૂજા રાત્રિનાં થાય છે, અને મોટેભાગે રાત્રીના તંત્ર માર્ગની પૂજાઓ થતી હોય છે, આપણે મંત્રના ઉપાસક છીએ. એટલે તંત્રમાં જવું એના કરતાં ભગવાન શંકરના સૌમ્ય સ્વરૂપનો સૌથી સરળ મંત્ર ઓમ નમઃ શિવાય મંત્રનું રટણ પણ અંતે તો એનું જ સ્મરણ કે રટણ કહેવાય. આમપણ આપણે ઈશ્વરના રૌદ્ર નહીં પણ રૂજુ સ્વરૂપની આરાધના કરવામાં માનવીએ છીએ, અને એટલે જ શ્રાવણ અંતર્ગત આપણે યા તે રૂદ્ર શિવા, એ શ્લોકના અનુષ્ઠાન નો મહિમા ગાયો હતો. એટલે કે રુદ્ર સ્વરૂપની પૂજા લોકો ભયને કારણે અથવા તો ભય દૂર કરવાના આશયથી કરતા હોય છે. પરંતુ પૂજાનો એક અર્થ પ્રેમ, આભાર, કે અહોભાવ એવો પણ થાય છે, અને રુદ્ર સ્વરૂપ પ્રત્યે આપણે પ્રેમનો ભાવ રાખી શકીએ નહીં. એટલે કાલભૈરવ એટલે કે શિવ શંકરના ઋજુ સ્વરૂપની પૂજા આપણને વધુ અનુકૂળ રહેશે. સૌમાં શંકરના એક સ્વરૂપ કલ્યાણની ભાવના રાખીને જીવન વ્યવહાર કરવા તેમજ જીવમાત્રમા એક જ અવિનાશી અંશ છે, એ યાદ રાખવું. છતાં પણ આ દિવસનું મહત્વ છે, એટલે બીજું કંઈ નહીં તો એને ગમતી ન્હોય એવી ક્રિયાઓ ન કરીને પણ એને યાદ કરી શકાય. કાળ ભૈરવ જયંતિનાં દિવસે વ્યક્તિએ જૂઠું બોલવાથી બચવું જોઈએ, કારણ કે જૂઠ બોલવાથી દુઃખ અને પરેશાનીઓ વધી જાય છે. ગૃહસ્થોએ આ દિવસે તામસિક પૂજા ન કરવી જોઈએ. આ દિવસે ભગવાન કાળ ભૈરવ કૂતરા, ગાય અને અન્ય પ્રાણીઓ સાથે હિંસક વર્તન કરનાર પર ક્રોધિત થાય છે. એવું કહેવામાં આવે છે કે કાળ ભૈરવની પૂજા કોઈને પણ નુકસાન પહોંચાડવા માટે ન કરવી જોઈએ. આવું કરવાથી ભગવાન કાલ ભૈરવ ક્રોધિત થઈ શકે છે, એવું નાનકડું સત્ય યાદ રાખીને ભૈરવ અષ્ટમીએ કોઈને પણ પરેશાન કરીશ નહીં એવો સંકલ્પ કરીએ. ૐ નમઃ શિવાય.


**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### સોના છોડો, ચાંદી છોડો, સબ કુછ છોડો પર ભુલ કર ભી રામકથા મત છોડો...

# રામકથાથી રાજકોટ બનશે રામમય

## રંગીલુ રાજકોટ બન્યુ અયોધ્યાનગરી : ૧૨ વર્ષ પછી રાજકોટના આંગણે પૂ. મોરારિબાપુ કરશે કથા રોજ ૧ લાખ લોકો કરશે કથા શ્રવણ, ૫૦,૦૦૦ લોકો લેશે ભોજન પ્રસાદ










રાજકોટ,તા.૨૨

સદભાવના વૃદ્ધાશ્રમના વડિલો અને વૃક્ષોના લાભાર્થે વિશ્વસંત પૂ.મોરારિબાપુની રામકથા આજે શનિવાર થી શરૂ થઈ રહી છે ત્યારે રાજકોટ રામકોટ બની ગયું છે. પ.પૂ. મોરારીબાપુએ રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃધ્ધો અને વૃક્ષોના શુભાર્થે સદભાવના વૃધ્ધાશ્રમને નિમીત બનાવી, સદભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થે રામકથા આપી છે.માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં દાખલ થતાં વૃધ્ધો પાસેથી કોઈપણ પ્રકારનું ડોનેશન, ફી લેવામાં આવતી નથી. આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. જેમાં ૨૦૦ જેટલા વડીલો તો ડાઈપર પર છે, પથારીવશ છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રાજકોટના જામનગર રોડ ઉપર આવેલા રામપર ગામ ખાતે ૩૦ એકર જગ્યામાં, પથારીવશ-નીરાધાર-લાચાર ૫૦૦૦ જેટલા વડીલોનો સમાવેશ થઈ શકે તેવું નવા વૃધ્ધાશ્રમનું નિર્માણ ૩૦૦ કરોડ રૂપીયાનાં ખર્ચે શરૂ થઈ રહયું છે. જેમાં મંદિર, અન્નપૂર્ણા ગૃહ,પુસ્તકાલય, કસરતના સાધનો, યોગા રૂમ, દવાખાનું, ગાર્ડન, કોમ્યુનીટી હોલ, બાગ બગીચા સહિતની તમામ સુવિધા પરિસરમાં જ મળી રહેશે. જેના લાભાર્થે અને સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા થઈ રહેલી વૃક્ષારોપણની પ્રવૃતિઓ અંગે આ રામકથા શરૂ થઈ રહી છે.

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહી, વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂકયું છે તેમજ મીયાવાકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેન્કર,૪૦૦ ટ્રેક્ટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે.સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાનો,ઉછેરવાનો સંસ્થાનો ધ્યેય છે. ગુગલ મેપ પરથી જયારે કોઈ સર્ચ કરે ત્યારે ગ્રીન ભારત દેખાવું જોઈએ. લોકોમાં વૃક્ષારોપણને લઈને જાગૃતિ આવે તે માટે પણ આ રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશ - વિદેશથી સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિ, વેપારીઓ, રાજકીય અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો હાજર રહેશે. સમગ્રપણે 'ન ભૂતો ન ભવિષ્યતિ' પ્રકારનું દિવ્ય આયોજન કરવાનો પ્રયાસ છે.



૧૨ વર્ષના લાંબા સમયગાળા બાદ રાજકોટમાં રામકથા યોજાઈ રહી હોય તેને વધાવી લેવા માટે રાજકોટ જ નહીં પણ આખું ગુજરાત આતુર છે. રેસકોર્સ પર મુખ્ય સ્ટેજ પર વ્યાસપીઠ બનાવવામાં આવી છે અને પૂ. મોરારિબાપૂના કટઆઉટ મુકવામાં આવ્યા છે. કથા પૂર્ણ થયા બાદ શ્રોતાઓ આરામથી ભોજનપ્રસાદ લઈ શકે તે માટે અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ખાસ કરીને વાહન પાર્કિંગને લઈને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે ૧૫૦૦ જેટલી કાર તેમજ ૧૫,૦૦૦ ટુ- વ્હીલરનું પાર્કિંગ થઈ શકે તેવી વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી છે. દેશ વિદેશમાંથી આવતા મહેમાનો માટે રહેવાની સુવિધા પણ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રનાં વિવિધ ગામો અને શહેરોમાંથી રાજકોટ વૈશ્વિક રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે વિશેષ બસથી જોડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી બધા લોકો લાભ લઇ શકે. બસ વ્યવસ્થા ૨૩ નવેમ્બરે બપોરે ૨-૩૦ વાગ્યે અને ૨૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૮-૩૦ વાગ્યાથી રાખવામાં આવી છે.

રાજકોટમાં યોજાનાર રામકથાની સૌથી મોટી ખાસિયત તો એ છે કે આ કથા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે એટલે કે વૃક્ષો અને વડીલો માટે થઇ રહી છે. કથામાં વિદેશથી પણ હજારો રામકથા પ્રેમીઓ આવ્યા લાગ્યા છે. રામકથા આપણા જીવનમાં આધ્યાત્મિકતા, માનવતા અને પ્રીતિનાં મૂલ્યોને સમજાવવાનું માધ્યમ છે. પૂ. બાપુનું કથન સરળ ભાષામાં અને હૃદયસ્પર્શી હોય છે, જે દરેક વયના લોકો માટે સમજવું સરળ હોય છે.

**'થેલેસેમીયા મુકત સમાજ' માટે ઐતિહાસીક વ્યવસ્થા, કથા ભાવિકો માટે થેલેસેમીયા, રકતદાન અંગેની માહિતી અપાશે, મેગા રકતદાન કેમ્પ સહિતના અલગ- અલગ સેવાકાર્યો**

પૂ. મોરારી બાપુ રામકથામાં રામાયણ અને અન્ય ભારતીય ગ્રંથોનો ઉલ્લેખ કરીને જીવનનાં મહત્વના સિદ્ધાંતો પ્રેમ અને સહિષ્ણુતા, ધર્મ અને કર્તવ્ય, માનવતા અને એકતા, અહિંસા અને શાંતિની સમજણ આપે છે. રામકથા સમાજમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિની ભાવનાને પ્રોત્સાહિત કરે છે. રામકથામાં દર્શાવેલા પાત્રો અને ઘટનાઓ જીવનની સમસ્યાઓનો સામનો કરવા અને માનવતાની સેવા માટે પ્રેરણા આપે છે.

કથા દરમિયાન પર્યાવરણ જતન, જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ અંગે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ કથામાં જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃદ્ધાશ્રમનાં વૃદ્ધોની સેવા-ચાકરી,નવા પરિસરના નિર્માણ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિના વિકાસ માટે વાપરવામાં આવશે. જે કોઈ કથામાં આવશે તેને તુલસી સહિતના રોપા અને ચકલીના માળા, બર્ડ ફીડરનો પ્રસાદ પણ આપવામાં આવશે. રાજકોટમાં મીની અયોધ્યા સર્જાશે.

વિવિધ કાર્યો માટે અલગ અલગ પ્રકારની સમિતિઓ જેવી કે પાર્કિંગ સમિતિ, મેડીકલ સમિતિ, સ્વચ્છતા સમિતિ, સેવા કાર્યોનાં મેનેજમેન્ટ કરવા માટેની સમિતિ, મંડપ ડેકોરેશન સમિતિ, પાણી વ્યવસ્થા સમિતિ, ભોજન વ્યવસ્થા સમિતિ તેમજ ઉતારાની ચા નાસ્તા સમિતિ બનાવવામાં આવી છે. દરરોજ ૫૦ હજાર લોકો ભોજન પ્રસાદ લેશે એ માટે ખાદ્ય પદાર્થોની યોગ્ય ચકાસણી તેમજ સફાઈનું પૂરતું ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત ભોજનનો બગાડ ન થાય અને ભોજન ખંડમાં ગંદકી ન સર્જાય તે માટે સતત સફાઈની તકેદારી રાખવામાં આવશે. આશરે ૨૦૦ જેટલા રસોયાઓ સેવા આપશે અને ૨૦૦ જેટલા ભોજન પીરસનારા સ્વયંસેવકો કાર્યરત રહેશે.

અલૌકિક કથાનો રસપાન કરતા રામભક્તોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા ગાદલા, તકિયા, ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરવામાં આવી રહી છે તેમજ રામભક્તો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો વીડિયો સિસ્ટમની ગોઠવણી કરવામાં આવશે.

સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શક, સંરક્ષક આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ મહાસભાના કન્વિનર, સેક્રેટરી, ધર્માચાર્ય પરમાત્માનંદ સરસ્વતીજી જણાવે છે કે, રાજકોટની વૈશ્વિક રામકથા ભક્તિ, પ્રસાદ અને સેવાનો ત્રિવેણી સંગમ છે.

સર્વધર્મ સમભાવ માટે આ શ્રેષ્ઠ મોકો છે. ૧૨ વર્ષ બાદ રાજકોટમાં યોજાઈ રહેલી પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથામાં સૌ કોઈને જોડાવવા, પુણ્યના યજ્ઞમાં આહુતિ આપવા આહવાન છે.

વૃદ્ધાશ્રમ એ આવકાર્ય વ્યવસ્થા નથી, પરંતુ રાજકોટ 'રામકોટ' છે ત્યારે નિઃસંતાન, પથારીવશ, બીમારીથી પીડાતા વડીલો આંગણે આવે તો ના તો ન જ પડાય. રાજકોટ તો 'સેવાનગરી' છે. વૈશ્વિક રામકથામાં સંતો, મહંતો સહિત વિવિધ મહાનુભાવો હાજરી આપશે.

જેમાં ૨૩ નવેમ્બરે પ.પૂ.ગુરુ શરણાનંદજી મહારાજ (રમણ રેતી,વૃંદાવન),જૈન આચાર્ય પૂ.લોકેશજી મુનિ, ભાગવત કથાકાર ભુપેન્દ્રભાઈ પંડ્યા, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, ૨૬ નવેમ્બરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ. પૂ. અવધેશાનંદજી મહારાજ, ૨૬ થી ૩૦ નવેમ્બર દરમિયાન પ. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પતંજલિ યોગ વિદ્યાપીઠનાં પ. પૂ. સ્વામી રામદેવજી, ૨૯ નવેમ્બરે પ.પુ. કૃષ્ણમણી મહારાજ, વેદાંતી વિચારસરણીના પ્રખર પુરસ્કર્તા અને પ્રચારક પ. પૂ. ચિન્મયાનંદ સ્વામીજી, પ. પૂ. ગીતામનીષી સ્વામી જ્ઞાનાનંદજી, પ. પૂ. પદ્મશ્રી શ્રી દત્ત પદ્મનાભ પીઠ ગોવાના વર્તમાન પીઠાધીશ્વર પ. પૂ. સદગુરુ બ્રહ્મેશાનંદાચાર્યજી, એસ.જી.વી.પી ગુરુકુળ, અમદાવાદનાં પ. પૂ. માધવ પ્રિયદાસજી, બાઘેશ્વર ધામના પ. પૂ. ધીરેન્દ્ર શાસ્ત્રીજી, એલ. વી સુબ્રમણ્યમ - પૂર્વ ચીફ સેક્રેટરી (આંધ્રપ્રદેશ સરકાર) સહિતનાઓ હાજરી આપશે.

સત્ય,પ્રેમ અને કરુણાનો વૈશ્વિક સંદેશ આપનાર પૂ.મોરારી બાપુ રામચરિતમાનસનું ગાન કરવા સંવેદના અને સ્વીકારની પીઠીકા લઈ રાજકોટમાં પધારી રહ્યા છે. ''૦.૯? ॠ૫૨ ✱ખ૦ॠ ✱?/૦'' નાતે રામકથાના આયોજિત પ્રેમયજ્ઞમાં પૂ.મોરારી બાપુના શ્રીમુખે રામકથાના શ્રવણનો લાભ બહોળી સંખ્યામાં લેવા સૌને જાહેર આમંત્રણ અપાયું છે.

વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ સદભાવનાનું આયોજન કરાયું છે. કથાને સફળ બનાવવા ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓ, દરેક સ્તરનાં કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય ધમધમે છે . જે સવારથી લઈને રાત સુધી કામગીરી ચાલે છે.

## વૃક્ષમ શરણં ગચ્છામી : સદભાવના વૃદ્ધાશ્રમના ૧૫૧ કરોડ વૃક્ષો વાવિને ઉછેર કરવાના સંકલ્પમાં સહભાગી બનીએ

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે, પણ પ્રાણીઓ ? આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોનાં કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરુણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે તેવા પ્રયાસો કરવા જોઈએ. ચાલો સૌ સાથે મળી સદભાવના વૃદ્ધાશ્રમના ૧૫૧ કરોડ વૃક્ષોના વાવિને ઉછેર કરવાના સંકલ્પમાં સહભાગી- સદભાગી બનીએ.

## કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમની સેવાપ્રવૃત્તિની પ્રશંસા

કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (ઊંડજ્ઞાઅ) સદભાવના વૃદ્ધાશ્રમની સેવાપ્રવૃત્તિ સાથે વર્ષો થી જોડાયેલો છે. સમાજના અનેક દાતાઓ અને શુભેચ્છકો તરફથી સદભાવનાને હમેશા સહયોગ મળતો રહ્યો છે.માનસ સદભાવના રામકથા માટે પણ ઊંડજ્ઞાઅ દ્વારા શુભેચ્છા સંદેશ આપવામાં આવ્યો છે.ત્યાંથી કેટલાય શુભેચ્છકો કથાનો લાભ લેવા રાજકોટ પધારી રહ્યા છે. ઊંડજ્ઞાઅના પ્રમુખ મનસુખભાઈ કોઠડિયાએ વિજયભાઈ ડોબરિયા તથા સદભાવના વૃદ્ધાશ્રમની ટીમને શુભેચ્છા સંદેશ પાઠવતા જણાવ્યું છે કે પ.પૂ.શ્રી મોરારિબાપુના શ્રીમુખે તા.૨૩મી નવેમ્બર થી શરૂ થતી રામકથાના આયોજન અને આમંત્રણ માટે ખૂબ ખૂબ ધન્યવાદ અને શુભેચ્છા.આપશ્રીની સમાજ પ્રત્યેની લાગણી અને પ્રેમભાવ અજોડ છે.૫૦૦૦ માવતર સમાન વડિલોને આશ્રયસ્થાન મળી રહે એવું તિર્થધામ બનાવવાનો સંકલ્પ, ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને સમગ્ર ભારતને હરિયાળુ બનાવવાનો આપનો ભગીરથ પ્રયત્ન,બળદ આશ્રમ,શ્વાન આશ્રમ તથા પાણીના પરબ સહિતના અનેક કાર્યો સેવાની સુવાસ ફેલાવે છે અને ખૂબ જ સરાહનીય છે. કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (ઊંડજ્ઞાઅ) આપના સેવાકીય કાર્યોને બિરદાવે છે.

## કથા, કાર્યક્રમો અને પ્રસંગોના અહેવાલો-લેખોનું ૧૯૮૧ થી કલેક્શન કરી રહ્યા છે ધોરાજીના સવજીભાઈ પટોળિયા

માનસ સદભાવના કથામાં વિવિધ ક્ષેત્રના મહાનુભવોની સાથે કલાકારો અને રામકથા તેમજ મોરારિબાપુ વિશે લેખો,અહેવાલો,ફોટોગ્રાફ્સ વિગેરેનું કલેક્શન કરનાર લોકો પણ કથા નિમિત્તે પોતાના આ શોખ અને કલાને વ્યક્ત કરી રહ્યા છે આવા જ એક સંગ્રહ કરતાં એટલે ધોરાજીના સવજીભાઈ પટોળિયા.સુરતમાં એક સમયે હીરા ઘસવો સાથે બેસીને ઓડિઓ કેસેટ પર મોરારિબાપુની કથા સાંભળનાર સવજીભાઈ પટોળિયાને એવો રામાયણનો રંગ લાગ્યો કે એમણે હજારો રત્ન કલાકારોને એ સમયે એટલે કે ૧૯૮૧માં મોરારિબાપુનું રામાયણ પુસ્તક રાહત દરે આપી અને રત્નકલાકારોના જીવનમાં ઉજાસ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. એ પછી મોરારિબાપુની તમામ કથાઓ તલગાજરડામાં યોજાતા વિવિધ કાર્યક્રમો વિશે અલગ અલગ અખબારો,મેગેઝીનો અને પત્રિકાઓમાં આવતા લેખો,અહેવાલો અને તસવીરો એકત્ર કરી એક વિરાટ પ્રદશન થઈ શકે એ રીતે આ લેખો અને અહેવાલોના પોસ્ટર સવજીભાઈ એ બનાવ્યા છે જેમાં મોરારિબાપુ વિશે અને તેમની કથાઓ વિશે અલભ્ય કહી શકાય એવી માહિતીઓ મળી શકે તેમ છે તાજેતરમાં માનસ સદભાવના રામકથા દરમિયાન કાર્યાલયની શુભેચ્છા લઈ અને સદભાવના વૃદ્ધાશ્રમ તેમજ વૃક્ષારોપણના પ્રકલ્પ માટે સૌને સહયોગ આપવા અપીલ કરી હતી

લાલચ આપી લપેટી લઇ રૂપિયા ઉસેડી લેતાં ગઠીયાઓના કારખાના અટકતા જ નથી

# ઘરે બેઠા કમાણી કરવા જતાં બ્રહ્માકુમારીના સેવિકાએ ગુમાવ્યા લાખો

## ગઠીયાઓએ ઓનલાઇન કંપનીના ગ્રુપમાં એડ કરી અલગ અલગ કારણો જણાવી સત્તર લાખ ખંખેરી લીધાઃ બીજા કિસ્સામાં ગુડગાંવની કંપની સાથે સડસઠ કરોડની થઇ ઠગાઇ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૨**

અલગ અલગ સોયિશલ મિડીયા પ્લેટફોર્મ પર લલચામણી ઓફરો આપી સ્કીમો મુકી લોકોને ઓનલાઇન છેતરી લેવાતા હોય છે. ઘરે બેઠા કમાણીની લાલચ, શેર બજારમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે, ક્રિપ્ટોમાં રોકાણ કરવાથી લાખો કમાઇ શકશો એ પ્રકારના પ્રલોભનો આપી છેતરપીંડી કરવામાં આવતી હોય છે. આવા એક કિસ્સામાં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થાની એક સેવિકાને ઓનલાઇન ગઠીયાઓએ ભોળવીને સત્તર લાખ પડાવી લીધા હોવાનો કિસ્સો બનતાં સાયબર સેલે તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં એક કંપની સાથે અન્ય કંપનીના સંચાલકોએ અધધધ સડસઠ કરોડની ઠગાઇ કરી છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરાના સમા વિસ્તારમાં રહેતા ભાવનાબેન મિસ્ત્રીએ પોલીસને કહ્યું છે કે મને એચસીએલ સોફટવેર કંપનીના ગ્રુપમાં જોઇન કરવામાં આવી હતી. મને ઘેરબેઠા કમાવા ભારતના ખ્યાતનામ સ્થળોના રિવ્યૂ લખવા માટે ટાસ્ક આપી ડિપોઝિટ પેટે રૂ. ૨૦૦૦, રૂ. ૯૦૦૦ અને રૂ. ૧૧ ૦૦૦ ભરાવ્યા હતા.જેની સામે મને રૂ.૩૧ હજાર મળ્યા હતા. ત્યારબાદ હું ગ્રુપમાંથી સ્વેચ્છાએ નીકળી ગઇ હતી. પરંતુ મને માયા નામની યુવતીએ ફોન કરી સતત દબાણ કરીને ફરીથી વીઆઇપી ગ્રુપમાં એડ કરી હતી. જેમાં માત્ર ચાર જ મેમ્બર હતા. મને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવા માટે જુદીજુદી ઓફરો આપવામાં આવી હતી. મારા ગ્રુપના મેમ્બર્સ તેમની કમાણીના સ્ક્રીનશોર્ટ મુકતા હતા. જેથી મને વિશ્વાસ આવ્યો હતો.

ભોગ બનેલા યુવતિએ વધુમાં કહ્યું હતું કે મારું એક એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું હતું. જેમાં મારા ઇન્વેસ્ટ મેન્ટ ની સામે બેલેન્સ દેખાતું હતું. મેં નાનપણથી કરેલી બચત અને એફડીના રૂપિયા ૧૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા.પરંતુ તેની સામે રકમ ઉપાડી શકાતી નહતી.જેથી મારી સાથે ફ્રોડ થતાં સાયબર સેલને ફરિયાદ કરી હતી.



નાનપણથી યુવાનીકાળ સુધી બચત કરેલી રકમ એક ઝાટકે ગઠીયાઓ પાસે જતી રહી : કોન્સર્ટની ઓનલાઇન નકલી ટિકીટ ધાબડી ઠગાઇઃ સાયબર ક્રાઇમે રકમ પરત અપાવી

બીજા બનાવમાં કલોલ તાલુકાના ભીમાસણ ગામે સિમ્ફની એર કુલર નામની કંપની આવેલી છે આ કંપનીએ ગુરગાવમાં આવેલી કંપની પાસેથી એર કુલરની ખરીદી કરવામાં આવી હતી અને તેના નાણાં ચૂકવવામાં આવ્યા ન હોતા જેથી કંપનીના સેક્રેટરી દ્વારા પોલીસ મથકમાં છ લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે. તાલુકાના ભીમાસણ ગામે એર કુલર બનાવતી સીમ્પની કંપની આવેલી છે તે કંપની પાસેથી ગુરગાવ માં આવેલા કંપનીના સંચાલકો સંદીપસિંહ બિંદ્રા તથા ચરણ દીપસિંગ કપૂર અને રંજિત કૌર કપૂર અને અમિતકુમાર યાદવ તથા રમલ પ્રીત કોર તથા જાગીર સિંઘ બિંદ્રા દ્વારા રૂપયા ૬૭. ૬૪ કરોડના એર કુલરની ખરીદી કરવામાં આવી હતી અને તેઓએ આ પૈસા કંપનીને ચુકવ્યા ન હતા કંપની દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હોવા છતાં તેઓએ પૈસા ચૂકવ્યા ન હતા અને તેમણે આપેલા ચેક પણ પરત ભર્યા હતા જેથી કંપનીના સેક્રેટરી મયુર ચીમનભાઈ દ્વારા પોલીસ મથકમાં કંપનીના સંચાલકો સામે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. આમ લાખો કરોડોની ઠગાઇના વધુ બે કિસ્સા સામે આવ્યા હતાં.

ગઠીયાઓ અન્ય એક નવતર પ્રકારે ઠગાઇ પણ કરતા થયા છે. અમદાવાદમાં યોજાનાર કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટની કાળા બજારી શરૂ થઈ ગઈ છે. શહેરની વિદ્યાર્થિનીએ સોશિયલ મીડિયા થકી ૩૧ હજારમાં ૬ ટિકિટ લીધી હતી. જોકે બાદમાં જાણ થઈ હતી કે તે નકલી છે. તેણે સાઇબર ક્રાઈમ હેલ્પ લાઈનમાં ફરિયાદ કરતાં ૨૪ હજાર રિકવર થયા હતા. જાન્યુઆરી મુંબઈ અને અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાવાનો છે ત્યારે તેની ટિકિટોના નામે ગઠિયાઓએ લોકોને ઠગવાનું શરૂ કર્યું છે. શહેરની વિદ્યાર્થિની સાથે ટિકિટના નામે ઠગાઈ થઈ હતી. વિદ્યાર્થિનીએ કહ્યું કે, કોલ્ડપ્લે કોન્સર્ટ માટે જવાનું હતું.જેથી ઈન્સ્ટાગ્રામમાં જાહેરાત જોતાં ટિકિટ ખરીદી માટે વાત કરી હતી.

તેણીને શરૂઆતમાં ૨ ટિકિટ લેવાની હતી, અમે ૩,૫૦૦ વાળી ટિકિટ માટે કન્ફર્મ કર્યું હતું. જોકે ૨ ટિકિટ સાથે અન્ય ૪ ટિકિટ થશે, તેમ કહી ૬ ટિકિટ આપવાની વાત કરી હતી. જેથી રૂ.૩૦,૯૯૯ આપ્યા હતા. તે પછી તેણે ટિકિટ મોકલી હતી અને ફિઝિકલ ટિકિટ એક અઠવાડિયા પહેલાં આપવાની વાત કરી હતી. જુદા જુદા ક્યૂઆર કોડ આવતાં અમને છેતરપિંડીની શંકા ગઈ હતી. જેથી સાઇબર ક્રાઇમ વિભાગનો ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. આખરે ૨૪ હજાર પરત મળી ગયા હતા. વિદ્યાર્થિનીએ જણાવ્યું કે સાઇબર ક્રાઇમની મદદ લઈ ચોવીસ હજારની રકમ અન્ય ખાતામાં બ્લૉક કરાવી હતી. વહેલા સાઇબર ક્રાઇમનો સંપર્ક કરી શકો તેટલું રૂપિયા રિકવર કરવાના ચાન્સ વધી જતા હોય છે.

## દુઃખદ અવસાન / બેસણું

### સ્વ. કલ્પેશ રણજીતભાઈ સાગઠીયા

**જ.તા. ૪-૯-૧૯૯૩ - મૃત્યુ - તા.૨૨.૧૧.૨૦૨૪ મવડી ગામ**



રાજકોટ : રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વોર્ડ-૧૧ના કોર્પોરેટર રણજીતભાઇ સાગઠીયાના પુત્ર કલ્પેશભાઈ રણજીતભાઇ સાગઠીયા(ઉ.વ.૩૧)નું તા.૨૨.૧૧.૨૦૨૪ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**બેસણું** : સાંજે ૪થી ૬, તા.૨૩.૧૧.૨૦૨૪ શનિવાર, તેમના નિવાસ સ્થાને, મવડી ગામ,પંચશીલ નગર- ૨, કણકોટ મેઇન રોડ ખાતે રાખેલ છે.

**લી.**
**મોટાબાપુ :- સ્વ. સોમાભાઈ જેઠાભાઈ સાગઠીયા**
**મોટાબાપુ :- મોહનભાઈ જેઠાભાઈ સાગઠીયા**
**પિતા :- રણજીતભાઈ જેઠાભાઈ સાગઠીયા**
**કાકા :- દેવજીભાઈ જેઠાભાઈ સાગઠીયા**

**કોર્પોરેટર વોર્ડ નંબર - ૧૧ - રણજીતભાઈ સાગઠીયા**

## કાપડના વેપારી દૂકાનમાં ઢળી પડ્યા

રાજકોટ મિરર, તા.૨૨ : જયરાજપ્લોટ-૮માં રહેતાં ઓગણપચાસ વર્ષના દિનેશભાઇ નરેશભાઇ બાવીસી ડો. યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમ સામે બિઝનેસ ટર્મિનલ કોમ્પલેક્ષમાં આવેલી ટોપ ટેઇલર નામની દૂકાને હતાં ત્યારે એકાએક ઢળી પડતાં તેમને તત્કાળ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ અહિં સારવાર કારગત નિવડી નહોતી અને તેમને તબિબે મૃત જાહેર કર્યા હતાં. તેમના સગા સંબંધીઓને જાણ થતાં તેઓ પણ હોસ્ટિલે પહોંચી ગયા હતાં. મૃત્યુ પામનાર દિનેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના અને અપરિણીત હતાં. અને તે ટોપ ટેઇલરમાં કાપડનો માલ દેવા આવ્યા ત્યારે આ બનાવ બન્યો હતો.

# ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને રૈયા રોડના વેપારી સાથે ઠગાઈ

## રૂડા સરકારી કર્મચારી સોસાયટીના પ્રશાંતભાઈ ચોકસીની સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદઃ ગઠિયાએ ૨.૯૫ લાખનો ચૂનો લગાવી દીધો

રાજકોટ મિરર, તા.૨૨

શહેરમાં સાયબર ક્રાઇમ નો વધુ એક બનાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે રૈયા રોડ પર રહેતા મોબાઇલ એસેસરીઝ ના વેપારી ને બેંક કર્મચારી ના નામે ફોન કરી તમારો સિબિલ રેકોર્ડ સારો છે ક્રેડિટ કાર્ડ ની લિમિટ વધી શકે છે તેમ કહી તેની સાથે સાયબર ગઠીયાએ રૂપિયા બે લાખ ૯૫ હજારની સગાઈ કરતા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસે આ અંગે પ્રશાંતભાઈ અરૂણકુમાર ચોક્સી, ઉ.વ-૪૫, ધંધો-મોબાઈલ એસેસરીઝ શોપ ( રહે. રૂડા સરકારી કર્મચારી સોસાયટી, શેરી નં-૨ બ્લોક નં ૬૩, રૈયા રોડ, ૧૫૦ ફુટ રીગ રોડ) ની ફરિયાદ પરથી ગુન્હો દાખલ કર્યો છે

પ્રશાંતભાઈ ફરિયાદમાં જણાવ્યું છે કે તે ઇન્ડસલેન્ડ બેંક ક્રેડીટ કાર્ડ ધરાવે અને ગઈ તા-૦૬/૦૮/૨૦૨૪ના અરસામા તેમના મોબાઇલ પર અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો. જેમણે તેમનું નામ રાજીવસિંગ જણાવ્યું હતું. પ્રશાંત ચોક્સીએ પોતે ઇન્ડસલેન્ડ



બેંકના કર્મચારી હોવાનુ જણાવ્યું હતું. સામેના છેડે મોબાઈલ પર બોલતા અપરિચિત શખ્શે જણાવ્યું હતું કે આપનો(પ્રશાંતભીનો) સિબિલ સ્કોર સારો હોવાથી ક્રેડીટકાર્ડની લિમિટ વધારી આપીશું.

જેથી તેમણે સામાવાળા સાથે સહમત થઈ અને તેના દ્વારા ચાલુ ફોન દ્વારા ગાઈડ કરેલ અને અમુક સ્ટેપ ફોલો કરવાનુ કહેતા તેના દ્વારા કહેવામા આવેલ તે પ્રમાણે ગુગલ ક્રોમ બ્રાઉઝર ઓપન કરેલ જેમા વર્ïિંતઃ//શક્ષમીતતયદિશભયત. ભજ્ઞ.શક્ષ/ વેબસાઈટ ઓપન કરી હતી. જેમા ક્રેડીટ કાર્ડ નંબર નંબર, એક્સ્પાયરી ડેટ, સિવીવી નંબર, નામ તમામ ડિટેલ્સ ભરેલ હોય ત્યારબાદ થોડીવારમાં મારા ક્રેડીટકાર્ડમાથી અમારા પૈસા ઉપડેલ જે અલગ અલગ ટ્રાંઝેક્શન મારફતે કુલ ૨,૯૫,૭૯૨ ઉપડી ગયા હતા. આ સમયે તાત્કાલિક ત્યારબાદ ઉપરોક્ત મોબાઈલ નંબરનો સંપર્ક કરાયો હતો. પરંતુ તે સતત સ્વિચ ઓફ આવતા બેંકે જઈ રૂબરૂ તપાસ કરતા પ્રશાંતભાઈને બેન્કસુત્રોએ તેમની સાથે ફ્રોડ થયો હોવાનું જણાવ્યું હતું.

એટલું જ નહિ બેંકથી કોઈએ આવો ફોન કરેલ નથી તેવું બેન્કમાંથી જાણવા મળતા બેંકના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી તેઓની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી ઓનલાઇન છેતરપીંડી કરાઈ હોવાનું બહાર આવતી પ્રશાંત ચોક્સીએ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નંબર- ૧૯૩૦ પર ફોન કરી અરજી કરી હતી તેના આધારે ફરિયાદ દાખલ કરાવી છે.કોઇ અજાણ્યાએ મોબાઇલ ઈક્ષમીતઈક્ષમ બેંકના કર્મચારીની ઓળખ આપી ક્રેડીટકાર્ડની લિમિટ વધારવાની લાલચ આપી ૨,૯૫૭૯૨ની ઓનલાઈન છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ પંડિતએ ગુનો દાખલ કરતા આગળની તપાસ પીઆઇ એમ. એ. ઝણકાતએ હાથ ધરી છે.

## શુભ લગ્ન

### રાજકોટ નિવાસી જગદેવસિંહજી જાડેજાના સુપુત્ર ચિ. કુંવરશ્રી ત્રિલોકસિંહજીના ૨૬મીએ શુભ લગ્ન

**રાજકોટ મિરર :** મૂળ છેલ્લી ઘોડી, હાલ રાજકોટ નિવાસી જગદેવસિંહજી દાનસિંહજી જાડેજાના સુપુત્ર ચિ. કુંવરશ્રી ત્રિલોકસિંહજી જાડેજાના શુભ લગ્ન તા. ૨૬ ને મંગળવારના રોજ મૂળ ચેર હાલ જામનગર નિવાસી ઇન્દ્રવિજયસિંહજી બલવીરસિંહજી ચુડાસમાની સુપુત્રી ચિ. કુંવરીશ્રી મોહિનીબા ચુડાસમા સાથે નિર્ધાર્યા છે. સાત હનુમાન મંદિર રાજશ્રી સેવાશ્રમ વડારોડ, ખીરસરા પેલેસ પાસે યોજનાર આ શુભ લગ્ન પ્રસંગે આયોજિત શુભ પ્રસંગોમાં તા.૨૫ના રોજ સવારે ૯-૧૫ કલાકે વેલ પ્રસ્થાન, રાત્રે ૮-૩૦ કલાકે દાંડિયા રાસ, તા.૨૬ના રોજ સવારે ૭-૪૫ કલાકે સામે ચડવાનું મુહુર્ત , સવારે ૯-૩૦ કલાકે મંડપ મુહુર્ત, રાત્રે ૯-૩૦ કલાકે હસ્ત મેળાપ રાખેલ છે. આ શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી નવ દંપતિને આશીર્વાદ આપવા જાડેજા પરિવારનો અનુરોધ છે.

## રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અજયસિંહ ચૌહાણનો કાલે જન્મદિવસ



રાજકોટ મિરર, તા.૨૨

મૂળ રાજસ્થાનના વતની અને હાલ રાજકોટના એડવોકેટ એન્ડ નોટરી અજયસિંહ એમ. ચૌહાણનો આવતીકાલે તા. ૨૪ નવેમ્બરના જન્મદિવસ છે.

તેઓ છેલ્લા ૨૦ વર્ષોથી રાજકોટ ખાતે ફોજદારી,રેવન્યુ, તેમજ સિવિલ ક્ષેત્રે વકીલાત સારી નામના મેળવી છે. તમે પણ અજયસિંહ ચૌહાણને જન્મદિવસની શુભકામના પાઠવી શકો છો. મો. ૯૮૯૮૦ ૬૪૩૦૨ - ૭૪૦૦૦૦૦૩૦૨

સોશિયલ મિડીયાથી ત્યક્તાને ફસાવી સર્વસ્વ લૂંટી લીધુંઃ પોલીસબેડામાં ચકચાર

# ત્યક્તાને પ્રેમમાં ફસાવી પરણેલા પોલીસમેને ગુજાર્યુ દૂષ્કર્મ

## બીજા બનાવમાં આરોગ્ય કેન્દ્રમાં યુવતિને સફાઇ કામદારના પુત્રએ બથ ભરી લીધીઃ પરિવારજનો સાથે મળી તોડફોડ કરીઃ પોલીસે કરી ધરપકડ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

દૂષ્કર્મ, છેડતી, નિર્લજ્જ હુમલાની ઘટનાઓ સતત વધી ગઇ છે. વધુ આવા કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં એક પોલીસ કર્મચારીએ ત્યક્તા મહિલા સાથે દૂષ્કર્મ આચરી લેતાં ચકચાર જાગી છે. આ મહિલાને પોલીસ કર્મચારીએ સોશિયલ મિડીયા થકી થયેલા પરિચય બાદ આંબા આંબલી દેખાડી પોતાની જાળમાં ફસાવી હતી. અંતે વાત બળાત્કારની ફરિયાદ સુધી પહોંચી હતી. બીજા બનાવમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક મહિલાને સફાઇ કામદારના પુત્રએ બથ ભરી લઇ આબરૂ લૂંટવા પ્રયાસ કરી લીધો હતો. આ પ્રકારના બનાવો રાજ્યભરમાં સતત બની રહ્યા છે. જેમાં આજની બે ઘટનામાં એકમાં તો ખુદ કાયદાનો રખેવાળ એવો પોલીસ કર્મચારી જ ભાન ભુલી ગયો હોઇ પોલીસબેડામાં પણ ચકચાર મચી ગઇ છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ાલસિંહ ઝાલા વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. એક મહિલાએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રોએ જાહેર કરેલી વિગતો અનુસાર નડિયાદ મિશન રોડ પર રહેતી છૂટાછેડા લીધેલી મહિલાએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી વિરૂધ્ધ ચોંકાવનારી ફરિયાદ દાખલ કરાવી છે. તેણીએ કહ્યું હતું કે ગત એપ્રિલ મહિનામાં સોશિયલ મીડિયાના માધ્યમથી તેનો પરિચય પોલીસકર્મીના સાથે થયો હતો. પોતે પતિથી છુટાછેડા લઇ ચુકી છે. પરિચય થયા બાદમાં બંને વચ્ચે અવારનવાર મુલાકાત થતી હતી. જેમાં પોલીસકર્મીએ લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યો હતો. જો કે પોલીસકર્મી પરણીત હોવાની જાણ થતા પોતાની સાથે દગો થયાનું જણાતાં તેણીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ અંગે વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજા બનાવમાં ભુજ તાલુકાના દહિંસરા ખાતે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મહિલા કર્મચારીને સફાઇ કામદારના પુત્રએ બાથભીડીને



આબરૂ લેવાનો પ્રયાસ કરતાં હોબાળો મચી ગયો હતો. લોકોએ યુવકને માફી માંગવાનું કહેતા આરોપી યુવાને તેના પરિવાર સાથે મળીને કારમાં જતી ભોગબનાર સહિત બે પર હુમલો કરી કારના કાચમાં તોડફોડ કરી દસ હજારનું નુકશાન પહોંચાડયું હતું. માનકુવા પોલીસ સ્ટેશનામં છેડતી અને હુમલા અંગે બે અલગ અલગ ફરિયાદ નોંધાવાઇ હતી. તપાસ એસસી એસટી સેલ વિભાગને સોંપાતા આરોપી પિતા-પુત્રની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથ ધરી હતી. માનકુવા પોલીસ મથકે પચ્ચીસ વર્ષની યુવતીએ દહિંસરા ગામના આરીફ હારૂન હિંગોરજા સામે ફરિયાદ નોંધાવી હતી.

તેણીએ પોલીસને કહ્યું હતું કે તે સવારે પોણા નવ વાગ્યાના અરસામાં આરોગ્ય કેન્દ્રમાં ફીમેલ વોર્ડમાં બન્યો હતો. આરોગ્ય કેન્દ્રમાં સફાઇ કામ કરતા હવાબાઇનો પુત્ર આરોપી આરીફ ફરિયાદી યુવતીને બાથ ભીડીને આબરૂ લેવાના ઇરાદે છેડતી કરી હતી. બાદમાં બીજા દિવસે હાલે સ્ટાફના અન્ય વ્યક્તિએ આરોપી આરીફને ભોગ બનનાર યુવતીની માફી માંગવાનું કહેતાં આરોપી આરીફ તેની માતા હવાબાઇ હારૂન હિંગોરજા, પિતા હારૂન હિંગોરજા, કજબાનુ હિંગોરજા સહિતનાઓએ છકડો રિક્ષા અને લ્યુના મોપેડમાં આરોગ્ય કેન્દ્રમાં આવીને નિલેશ દિલીપભાઇ પરમાર અન્ય અન્ય હાજર લોકોને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપીને નિલેશની કારને આંતરીને કાર પર પથ્થરો અને મુકા મારીને કારના કાચ તોડી નાખી ૧૦ હજારનું નૂકશાન પહોંચાડયું હતું. જેમાં ભોગબનાર યુવતીને પેટના ભાગે પથ્થર વાગ્યો હતો. તેમજ નિલેશને હાથમાં કાંચ વાગતાં ઇજા પહોંચી હતી.

આ મામલે માનકુવા પોલીસ મથકે ભોગબનાર યુવતીએ છેડતી અને એટ્રોસીટીની કલમ તળે અને નિલેશ પરમારે માર માર્યા અને કારમાં તોડફોડ અંગેની ફરિયાદ નોંધાવી હતી. બન્ને ફરિયાદોની તપાસ એસસી એસટી સેલના ડીવાયએસપીને સોંપાઇ હતી. એસસી એસટી સેલ દ્વારા આરોપી આરીફ અને તેમના પિતા હારૂન હિંગોરજાની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

### મોરબીના નીચી માંડલ પાસેની નર્મદા કેનાલ નજીક નગ્ન હાલતમાં સળગેલા યુવાનના મૃત્યુ પાછળ રહસ્યના જાળા

# મોતનો અગનખેલઃ સળગતી હાલતમાં યુવાનના આટાફેરા, પછી મોત

## યુવાન કોણ? જાતે સળગ્યો કે પછી અન્ય કંઇ બન્યું? પોલીસે ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

મોરબી પંથકમાં છેલ્લા બે દિવસમાં અપમૃત્યુની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. ગઇકાલે પ્રેમીપંખીડાએ નીચી માંડલ ગામના કૂવામાં કુદી મોત મેળવી લીધુ હતું ત્યાં હવે એક રહસ્યમય મોતનો અગનખેલ સામે આવ્યો છે જેમાં એક યુવાન નગ્ન હાલતમાં સળગતી હાલતમાં આટાફેરા કરતો નીચી માંડલની કેનાલ પાસે જોવા મળ્યા બાદ તેનું સારવારમાં મોત થયું હતું. આ યુવાન જાતે સળગ્યો કે અન્ય કંઇ બન્યું? તે કેનાલ સુધી કઇ રીતે પહોંચ્યો? આ યુવાન કોણ છે? એ સહિતના અનેક સવાલોએ પોલીસને વિચારતી કરી મુકી છે. આ અંગે તપાસ શરૂ થઇ છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો મોરબીના નીચી માંડલ નજીક કેનાલ પાસેથી ગઇકાલે અજાણ્યો યુવાન આખા શરીરે દાઝી ગયેલી હાલતમાં મળીઅ ાવતાં મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું. આ યુવાને નગ્ન હાલતમાં હતો. કેનાલ પાસે સળગ્યા બાદ તે આટાફેરો કરતો હોય તેવો વિડીયો વહેતો થયો હતો. આ યુવાન શા માટે સળગ્યો? તે કોણ છે? તેની ઓળખ મેળવવા પોલીસે તપાસ શરૂ કરી છે. લોકોએ તેને ચડ્ડી પહેરાવી હતી. તેને સારવાર માટે રાજકોટ ખસેડાયા બાદ તેણે દમ તોડી દીધો હતો.

ચર્ચા જગાવતી આ ઘટનાની વધુ માહિતી અનુસાર મોરબી તાબેના નીચી માંડલની કેનાલ પાસે ગઇકાલે સવારે અજાણ્યો એક યુવાન સળગેલી હાલતમાં આંટાફેરા કરતો હોવાની જાણ





થતાં લોકો ત્યાં દોડી ગયા હતાં. આશરે ત્રીસ વર્ષનો આ યુવાન સળગેલી હાલતમાં આટાફેરા કરતો નજરે પડ્યો હતો. બાદમાં તે પડી ગયો હતો. અર્ધબેભાન જેવો થઇ ગયો હોઇ એકઠા થયેલા લોકોએ તેનું નામ સરનામુ પુછવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તે કંઇ બોલી શકતો નહોતો. યુવાને નગ્ન હાલતમાં હોઇ કોઇએ તેને બરમુડો પહેરાવ્યો હતો. બાદમાં ૧૦૮ને જાણ થતાં આ યુવાનને ગંભીર રીતે દાઝેલી હાલતમાં મોરબી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ યુવાનની હાલત વધુ ગંભીર હોવાથી તેને મોરબી હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં સિવિલ હોસ્પિટલની પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, જયદિપસિંહ જાડેજા, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. સારવાર દરમિયાન આ યુવાનનું મોત થતાં પોલીસે તેની ઓળખ મેળવવા વિશેષ તપાસ હાથ ધરી હતી. આ યુવાન કોણ છે? જાતે સળગ્યો કે પછી બીજુ કંઇ બન્યું? તે નગ્ન હાલતમાં કઇ રીતે થઇ ગયો હતો? આ સહિતના સવાલોના જવાબો શોધવા પોલીસે ઘટના સ્થળે તપાસ શરૂ કરી છે. તેમજ મૃત્યુ પામનાર યુવાનના વાલીવારસને શોધવા તપાસ આદરી છે.

બીજી એક ઘટનામાં રાજકોટના શાપર વેરાવળનામાં શાંતિધામ સામે સનશાઇન ગેઇટ પાસેથી અજાણ્યા આશરે પચાસ વર્ષના પ્રૌઢ બેભાન મળતાં ૧૦૮ મારફત રાજકોટ ખસેડાયેલ. પરંતુ અહિ સવારે તેનું મૃત્યુ થતાં શાપર પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

### ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની રજુઆતને સફળતા

# રાજ્યમાં ૨૫ સ્થળોએ રેશનકાર્ડ થઈ શકશે લીંકઅપ

રાજકોટ મિરર, તા.૨૨

ગુજરાત સરકારની માય રેશન યોજના હેઠળ તમામ રેશનકાર્ડને આધારકાર્ડ સાથે લિન્ક કરાવવું ફરજિયાત છે. તમામ મામલતદાર કચેરીમાં, પુરવઠા શાખામાં, કેવાયસી કરાવવા માટે મોટી લાઈનો થાય છે. અને લોકોને હાડમારીનો સામનો કરવો પડે છે.

આ બાબતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કલેકટર કચેરી અને સરકારમાં રજૂઆત કરતાં, સરકાર દ્વારા ૨૫ સરકારી કચેરીઓમાં લોકો પોતાના રેશન કાર્ડનું કેવાયસી કરાવી શકશે તેવી જાહેરાત કરાઈ છે. આ વાતને ધ્યાને લઈને લોકોએ મેનેજર, આસિસ્ટન્ટ ડાઈરેક્ટર, આસસિસ્ટંટ ફૂડ કંટ્રોલર, આસસિસ્ટંટ પ્રોફેસર, કલેકટર

કચેરી તથા તાબાની કચેરીઓના તમામ કલાર્ક, તમામનાયબ મામલતદાર (ચુટણી સિવાય), તમામ રેવન્યુ તલાટી, જિલ્લા પુરવઠા અધિકારી, ડી.એલ.ઇ.(પીવીટી), લેક્ચરર (કેસીજી) આઈ.સી.ટી. ઓફિસર તમામમામલતદાર, તમામ



પુરવઠા ઈન્સપેક્ટરો, તમામ ઝોનલ ઓફિસરો, તમામ ઝોનલ ઈન્સ્પેક્ટરો, શિક્ષકો, ટીએલઈ(પીવીટી), ૧૮. વીસીઈ, નોડલ ઓફિસરો પ્રિન્સીપાલ અને પ્રોફેસર્સ(કેસીજી), મહાનગર પાલિકાઓમાં તમામ સીનીયર-જુનિયર કલાર્ક અને સબ રજીસ્ટ્રાર(જન્મ-મરણ) વિગેરે સ્થળોએ આ કામગીરી ચાલુ કરાઈ છે. છતાં પણ અરજદારોને બીજી કોઈ મદદની જરૂરપડેતો, જિલ્લા પુરવઠા કચેરી, કલેકટર ઓફિસ રાજકોટનો સંપર્ક કરવા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ અનુરોધ કર્યો છે.

## 'સમય મિરર' દૈનિકના માલિક પ્રદિપસિંહ ઝાલાનો આજે જન્મદિવસ



રાજકોટ મિરર, તા.૨૨


''સમય મિરર'' મોર્નિંગ દૈનિકના ઑનર તથા ''માન્યતા ફાઉન્ડેશન''ના સ્થાપક તેમજ એમ. ફાર્મ (કુવાડવા, રાજકોટ) તથા સિમર રિસોર્ટ (દીવ)ના ઑનર તેમજ અગ્રણી બિલ્ડર શ્રી પ્રદિપસિંહ ઘનશ્યામસિંહજી ઝાલા (ભોઈકા, તા. લીમડી જી. સુરેન્દ્રનગર)નો આજે તા.૨૩મી નવેમ્બર જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે સુજ્ઞ વાંચકો, વિજ્ઞાપન દાતાઓ, પ્રેસ પ્રતિનિધિઓ, બિલ્ડરો, વેપારી મિત્રો, સામાજિક, શૈક્ષણિક, ઔધોગિક અગ્રણીઓ, ધાર્મિક સંગઠનો તેમજ શુભચિંતકો તરફથી પ્રદીપસિંહજીને યશસ્વી કારકિર્દી તથા સ્વસ્થ દીર્ઘાયુ માટે અનંતકોટી શુભકામનાઓ મળી રહી છે.




આ તારીખ , સમય ને સ્થળ નોંધી લેશો.... મારા ત્રણ પુસ્તક વ્હાલી દીકરીને, પર્યાવરણનો પોડકાસ્ટ અને કાવ્યસંગ્રહ પીંછું થઈ ખરી જવું છે...નું વિમોચન પરમપ્રિય મોરારિબાપુના હસ્તે થશે. તા 30-૧૧-૨૪ના સાંજે ૫:30 વાગ્યે સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ ઓડિટોરિયમ, કોટેચા ચોક, રાજકોટ ખાતે ...જરૂર પધારો...

# સાયબર ક્રાઈમઃ સાગર સોસાયટીના યુવાનની ફેક આઈડી બનાવી ગર્લફ્રેન્ડ સાથેના ફોટા શેર કર્યા!

## નકલી આઈડી બનાવનારે સાથે બિભત્સ શબ્દો પણ લખ્યાઃ પોલીસે શરૂ કરી તપાસ



રાજકોટ મિરર, તા. ૨૨

સાયબર ક્રાઇમની વધુ એક ઘટના બની છે. જેમાં કોઠારીયા રોડ પર રહેતાં ઇમિટેશનના ધંધાર્થી યુવાનના નામે ઇન્સ્ટાગ્રામમાં કોઇએ ફેક આઇડી બનાવી તેની ગર્લફ્રેન્ડ સાથેનો તેનો ફોટો પોસ્ટ કરી બિભત્સ શબ્દો લખી સગા સંબંધીઓને પણ મોકલી દેતાં આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે કોઠારીયા રોડ ન્યુ સાગર સોસાયટી-૪માં રહેતાં અને ઇમિટેશનનું કામ કરી ગુજરાન ચલાવતાં ચોત્રીસ વર્ષના ઇમરાનભાઇ યુનુસભાઇ ધાનાણી ફરિયાદ પરથી ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ આઇડી ઇરફાનઇરફાન-૦૦૦૦ બનાવનાર વ્યક્તિ તથા તપાસમાં ખુલે તેની સામે આઇટી એક્ટ હેઠળ એફઆઇઆર દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઇમરાને પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ઇન્સ્ટાગ્રામ, ફેસબૂકનો ઉપયોગ કરુ છું. જુન-૨૦૨૪માં મને મારા માસીના દિકરાએ ફોન કરી જણાવેલુ કે-મારી ઇન્સ્ટાગ્રામ આઇડી પર અજાણી ઇરફાનઇરફાન-૦૦૦૦ પરથી રિક્વેસ્ટ આવી છે. જે આઇડીમાં તારો અને તારી ગર્લફ્રેન્ડનો ફોટો હતો, જેથી મેં રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી જોતાં તારો ફોટો પોસ્ટ કરી તેમાં બિભત્સ શબ્દો લખ્યા છે. મારા માસીના દિકરાએ આ વાત મને કરતાં મેં મારા ઇન્સ્ટાગ્રામમાં ચેક કરતાં મારા નામે કોઇ અજાણ્યાએ ફેક આઇડી બનાવી તેની પ્રોફાઇલમાં મારી જાણ બહાર મંજુરી વગર મારો અને મારી ગર્લફ્રેન્ડનો ફોટો મુકી દીધાનું જણાયું હતું. આ પોસ્ટ મને પણ ફોરવર્ડ કરી હતી. જેમાં મારા વિશે ખરાબ શબ્દો પણ લખેલા હતાં. એ પછી મને કાકાના દિકરાએ પણ આવી મારો અને ગર્લફ્રેન્ડનો ફોટો આઇડી પ્રોફાઇલમાં હોવાની વાત કરી હતી. આ શખ્સે મારા નામે આઇડી બનાવી ફોટા તથા બિભત્સ શબ્દોમાં મેસેજ મારા સગા સંબંધીને મોકલી મને હેરાન કરતો હોઇ મેં સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર ફોન કર્યા બાદ ફરિયાદ નોંધાવી છે. તેમ વધુમાં ઇમરાનભાઇએ કહેતાં સાયબર ક્રાઇમના પ્રો.પીઆઇ કે.એસ. દેસાઇએ ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરી છે. આ પ્રકારે ઘણીવાર કેટલાક લોકો અંગત રાગદ્વેષને કારણે બીજાની ખોટી આઇડી બનાવી પોસ્ટ કરતાં હોય છે જે ગુનાહિત ગણાય છે.

### બટાઝટી-બઘડાટીની ઘટનાઓ રોજીંદીઃ વધુ આવા કિસ્સાઓ પોલીસ ચોપડે ચડી ગયા

# જમીનના ડખ્ખામાં ભત્રીજાને ધમકી દીધી, કાકાને ઝીંક્યો છરીનો ઘા

## રૈયા ગામમાં બનાવઃ ત્રણ શખ્સો સામે દાખલ થઇ ફરિયાદઃ બીજા કિસ્સામાં તાલુકા પોલીસ સ્ટેશન પાસે જ મચી ગઇ ધમાલ
## આણંદપર કાલાવડના યુવાને મિત્ર પાસે લગ્નપ્રસંગમાં પહેરવા કપડા માંગતાં ડખ્ખોઃ પાઇપથી ફટકારી કરી નાંખ્યુ ફ્રેકચર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૨**

શહેરમાં રોબજરોજ કોઇને કોઇ સ્થળે બટાઝટી, બઘડાટીની ઘટનાઓ બનતી રહે છે. કોણ ક્યારે કોના પર ધોકાવાળી કરે છરીના ઘા કરી લે તે નક્કી હોતુ નથી. વધુ એક બઘડાટીની ઘટના રૈયા ગામમાં બસ સ્ટેશન પાસે બની હતી. જેમાં એક યુવાન ચાલીને જતો હતો ત્યારે જુના મનદુઃખને લીધે તેને રૈયા ગામના જ ત્રણ શખ્સોએ છરી બતાવી આજે તો તને મારી જ દેવી છે કહી ધમકાવતાં તેના કાકા આ લોકોને સમજાવવા આવતાં તેઓ જતાં રહ્યા હતાં. બાદમાં રાત્રીના સમયે ફરીથી આ ત્રણેયએ ઘર પાસે આવી યુવાનના કાકાને છરી ભોંકી દઇ ધમકી દીધી હતી. બીજા બનાવમાં લગ્નપ્રસંગમાં પહેરવા માટે યુવાને મિત્ર પાસે કપડા માગતા તેણે ફોન ન ઉપાડતાં થયેલા ડખ્ખા બાદ તાલુકા પોલીસ સ્ટેશન નજીક જ બટાઝટી બોલી ગઇ હતી. જેમાં મિત્રએ મિત્રને ફ્રેકચર કરી નાખ્યુ હતું.

મારામારીની આ ઘટનાની પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી પર નજર કરીએ તો રૈયા ગામમાં રહેતો પાંત્રીસ વર્ષના કલ્પેશભાઇ મોહનભાઇ પરમાર નામના યુવાન પર રાતે રૈયા ગામ વણકરવાસમાં રહેતાં નાનજી ઉર્ફ લાલો ભુપતભાઇ પરમાર, મહેશ મનસુખભાઇ પરમાર અને વિશાલ મેરીયાએ છરીથી હુમલો કરી ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન. કે. પંડ્યાએ તેની ફરિયાદ પરથી ત્રણેય સામે એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી. કલ્પેશભાઇ પરમાર ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે કહ્યું હતું કે ચારેક મહિના અગાઉ અમારી જમીનમાં દબાણ થયું હોઇ આ મામલે મેં લાલા સહિતના વિરૂધ્ધ અરજી ફરિયાદ કરી હતી. તેનો





ખાર રાખી આ લોકોએ ગત સાંજે મારો ભત્રીજો દિવ્યેશ રૈયા ગામના બસ સ્ટેશન પાસે ચાલીને જતો હતો ત્યારે તેને છરી બતાવી આજે તો મારી જ દેવી છે, મારી નાખવો છે કહી ધમકી આપી હતી.

આની મને જાણ થતાં મેં ત્યાં જઇ આ લોકોને સમજાવ્યા હતાં અને ભત્રીજાને લઇને નીકળી ગયો હતો. રાતે સવા દસેક વાગ્યે ફરીથી લાલો, મહેશ અને વિશાલે આવી ઝઘડો કરી ગાળો દીધી હતી અને છરી કાઢી મને પીઠ પાછળ ઘા મારી દીધો હતો. દેકારો થતાં બધા ભાગી ગયા હતાં. મને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેમ વધુમાં તેણે જણાવતાં યુનિવર્સિટી પોલીસે એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી. આ પ્રકારની મારામારીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે.

અન્ય એક બનાવમાં કાલાવડના આણંદપરના રહેવાસી ધર્મેશ ખીમજીભાઇ બગડા નામના બાવીસ વર્ષના યુવાન પર રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનની બાજુમાં જ આવેલી બંધ પડેલી ચાની લારી નજીક જીજ્ઞેશ પરમાર અને અજાણ્યાએ હુમલો કરી લોખંડના પાઇપથી માર માર્યો હતો. આ કારણે તેના ડાબા પગમાં અને હાથની આંગળીમાં ફ્રેકચર થઇ ગયું હતું. તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. સરવૈયાએ ગુનો નોંધ્યો હતો. માર ખાનાર અને માર મારનાર બંને મિત્રો છે, માર ખાનારા ધર્મેશે મિત્ર જીજ્ઞેશ પાસે કપડા પહેરવા માંગતા તેણે ના પાડતાં બોલાચાલી થઇ હતી અને બાદમાં મિત્ર પાઇપથી તૂટી પડ્યો હતો. જેમાં ધર્મેશને ફ્રેકચર થઇ ગયું હતું. ધર્મેશને રાજકોટ લગ્ન પ્રસંગમાં જવુ.હોઇ પહેરવા માટે મિત્રના કપડાની જરૂર હોઇ તેણે મિત્ર ધર્મેશને ફોન કર્યો હતો. પણ તેણે ફોન ન ઉપાડતાં તે રાજકોટથી છેક તેના ગામ આણંદપર જઇ કપડા લઇ આવ્યો હતો. એ પછી બંને વચ્ચે બોલાચાલી થઇ હતી અને ધર્મેશે હુમલો કર્યો હતો.

### રાજકોટ-જેતપુર હાઈવે પર ખડકાયેલા ૩૮ દબાણોને કરાયા દૂર

# સરકારનું દબાણ હટાઓ ઓપરેશન



## જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડિમોલિશન કામગીરી

રાજકોટ મિરર, તા. ૨૨

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર સ્થાનિક પ્રશાસનને એક તાકીદ કરી છે અને આદેશ જાહેર કર્યો છે કે ગેરકાયદે બાંધકામો અથવા તો જે દબાણ હોય તેને ઝડપભેર દૂર કરવામાં આવે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ રાજકોટ ખાતે જિલ્લા વહીવટી તંત્ર મહાનગરપાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી ખૂબ ઝડપભેર દબાણો દૂર કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે ગઈકાલે મહાનગરપાલિકાની સાથોસાથ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રાજકોટ જેતપુર હાઈવે પર ખડકાયેલા ૩૮ જેટલા દબાણોને દૂર કરી દેવામાં આવ્યા છે અને સરકારી જગ્યા ખુલી કરાય છે.

રાજકોટ-જેતપુર હાઈવેને સીકસલેન બનાવવાની કામગીરી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ચાલી રહી છે, જેમાં આ હાઈવેની આસપાસ સરકારી જમીન પર ગેરકાયદેસર ખડકાયેલા ૩૮ જેટલા દબાણોનું ઓપરેશન ડીમોલીશન કરોડોની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરી દેવામાં આવી છે.નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા પોલીસ કાફલાને સાથે રાખી આ ઓપરેશન ડીમોલીશન કરવામાં આવેલ હતું. જેમાં ૭ જેટલા ધાર્મિક દબાણોને પણ હટાવવામાં આવેલ છે. નેશનલ હાઈવે ઓથોરીટીના સુત્રોએ આ અંગે જણાવ્યું હતું કે જે દબાણો હટાવવામાં આવેલ છે તેમાં ખાણીપીણીના ધાબા, કાચી પાકી દુકાનો અને ૭ જેટલા ધાર્મિક દબાણોનો સમાવેશ થાય છે.

રાજકોટ જેતપુર હાઈવેની આસપાસ ખડકાયેલા દબાણોની સાફસુફી માટે અગાઉ દબાણો કરનાર આસામીઓને નોટીસો હાઈવે ઓથોરીટી દ્વારા ફટકારવામાં આવી હતી. જે બાદ હાઈવે ઓથોરીટી દ્વારા ઓપરેશન ડીમોલીશન હાથ ધરી ૩૮ જેટલા દબાણો તોડી પાડવામાં આવેલ છે. હાઈવે ઓથોરીટીના સુત્રોએ વિશેષમાં જણાવ્યું હતું કે રાજકોટ જેતપુર સીકસલેન હાઈવેની કામગીરીમાં આ દબાણો અડચણરૂપ બનતા હતા આ અંગે કાર્યવાહી કરી અત્યાર સુધીમાં ૩૮ જેટલા દબાણો હટાવી દેવામાં આવે છે. આ સીકસલેન હાઈવેની કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. જે દબાણો હટાવાયા છે તેનો રીપોર્ટ વહીવટી તંત્રને કરાશે.

રાજ્ય સરકારને ખૂબ વ્યાપક ફરિયાદો દબાણોને લઈ આવી રહી છે ત્યારે સ્થાનિક પ્રશાસ અને વિવિધ ટુકડીઓનું ગઠન કરી દબાણો દૂર કરવા માટેના તમામ સંભવત પ્રયત્નો શરૂ કરી દીધા છે એટલું જ નહીં હાલ સર્વે પણ હાથ ધરવામાં આવી રહ્યો છે જેથી આવનારા દિવસોમાં તાકીદે ડિમોલિશન હાથ ધરવામાં આવે. સમગ્ર રાજકોટ નહીં પરંતુ સૌરાષ્ટ્ર કચ્છમાં સરકારી જગ્યાઓ પર દબાણ તેના ઘણા સમયથી જોવા મળી રહ્યા છે પરંતુ સરકારની અને સ્થાનિક પ્રશાસનની ઢીલી નીતિ ના પગલે જે ઝડપ થવી જોઈએ તે થઈ શકી ન હતી અને પરિણામ સ્વરૂપે દબાણ કરતા ઓનું જે મનોબળ છે તે વધતું હતું હાલ હવે અત્યંત કડકાઇ પૂર્વક રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક પ્રદર્શનને સૂચના આપી દેવામાં આવી છે કે તેમના દ્વારા આવનારા દિવસોમાં તેમના વિસ્તારને દબાણ મુક્ત બનાવવામાં આવે જે માટે હાલ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

### દબાણો દૂર કરવા તંત્ર ઊંધા માથે

આ ઉપરાંત, ૮૭ બાંધકામોને નવી જગ્યાએ સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે અને છ ધાર્મિક દબાણોને નિયમિત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે જાહેર સ્થળો, માર્ગો અને બગીચાઓમાં આવેલ બાંધકામો દૂર કર્યા છે, જેનો લાભ સ્થાનિક લોકોને થયો છે. હાઈકોર્ટે ગૃહ વિભાગને સૂચના આપી છે કે, દબાણોને દૂર કરવા માટે વધુ પ્રયાસો કરવામાં આવશે અને આવી બાબતોની સમજૂતી માટે વધુ બે મહિનાનો સમય આપવામાં આવ્યો છે.

### જામનગર-કાલાવડ રોડના દબાણો માટે હાથ ધરાશે સર્વે

સરકારી વિભાગ ના સૂત્રોને જણાવ્યા અનુસાર હાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામનગર રોડ, કાલાવડ રોડ પર જે ઘેર કાયદે દબાણો ખડકાયેલા છે તેને દૂર કરવા માટે એક ખાસ સર્વે હાથ ધરવામાં આવ્યો છે જે માટેના આદેશ પ્રાંત અધિકારી બે મહેક જૈન અને તાલુકા મામલતદાર મકવાણા દ્વારા કરવામાં આવશે સર્વે પૂર્ણ થયા બાદ જિલ્લા કલેકટરને આ અંગેનો રિપોર્ટ સુપ્રત કરવામાં આવશે જેમાં ડીમોલીસન હાથ ધરાશે. આ વાઘરી ગંભીરતાને ધ્યાને લઈને રાજ્ય સરકાર આવનારા તમામ પગલાંઓ ઝડપભેર લિયે તે માટે ગુજરાત હાઈકોર્ટે પણ સરકારને રજૂઆત કરી છે. હાલ મહત્વની વાત એ છે કે જિલ્લા વહીવટી તંત્રની સાથોસાથ રાજકોટ મહાનગરપાલિકા ના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા હાલ શહેરમાં ખડકાયેલા ગેરકાઈ દે દબાણોને દૂર કરવા માટે એક વિશેષ તખતો તૈયાર કરવામાં આવ્યો છે જે મુજબની હાલ કામગીરી ચાલી રહી છે.

### રાજકોટ જિલ્લામાં ધાર્મિક દબાણોનું પ્રમાણ વધ્યું

રાજકોટ જિલ્લાની જો વાત કરવામાં આવે તો સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર ધાર્મિક દબાણનું પ્રમાણ ખૂબ વધ્યું છે જે માટે જિલ્લા વહીવટી તંત્રની સાથોસાથ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાલ કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ગઈકાલે રાજકોટ જેતપુર હાઈવે પર ૩૮ જેટલા ગેરકાયદે ધાર્મિક દબાણોને દૂર કરવામાં આવ્યા છે જે ઝુંબેશ આવનારા દિવસોમાં પણ યથાવત રીતે ચાલુ રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

### એક બાજુ દબાણો દૂર થઈ રહ્યા છે તો સામે ભાવનગર-જામનગર રોડ પર નવા દબાણો થઈ રહ્યા છે

રાજ્ય સરકારના આદેશ બાદ સ્થાનિક પ્રશાસન ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે મહેનત કરે છે. પરંતુ, ખરી વાસ્તવિકતા એ છે કે દબાણો તો દૂર થાય છે પરંતુ સામે નવા દબાણો ઊભા થઈ રહ્યા છે. તેમાં ભાવનગર રોડ હોય કે પછી જામનગર રોડ. આ જગ્યા પર નવા ગેરકાયદે બાંધકામો થતાં જોવા મળે છે. ત્યારે આને કોણ દૂર કરશે તે સૌથી મોટો પ્રશ્ન છે. એ વાત તો સ્પષ્ટ છે કે, અધિકારીઓના જાણ બહાર આ શક્ય બને નહીં. કારણ કે, હાલ જે દબાણો થઈ રહ્યા છે તેમાં રાજકારણીઓ તથા અધિકારીઓના નજીકના લોકો કે જેઓ વગધારી હોવાથી તેમનું પીઠબળ મળી રહ્યું હોવાની હાલ ચર્ચા ચાલે છે. ત્યારે જોવાનું એ રહ્યું કે શું બાંધકામો સરકારી તંત્ર ક્યારે દૂર કરાવશે.


# નાગરિક બેંકના ચેરમેન પદે દિનેશ પાઠક : વા.ચેરમેન જીવણ પટેલ

રાજકોટ, તા. ૨૨


નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં સહકાર પેનલ વિજય થઈ છે ત્યારે હવે ગઈકાલે પ્રેસિડેન્ટ અને વાઈસ પ્રેસિડેન્ટ માટે દિનેશભાઈ પાઠક અને જીવણભાઈ પટેલની સર્વનું મતે વરણી કરવામાં આવી હતી. કારણકે ગઈકાલે આ બંને પદ માટે કોઈએ ફોર્મ ભર્યું ન હતું અને માત્ર દિનેશભાઈ પાઠકે પ્રેસિડેન્ટ માટે અને વાઈસ પ્રેસિડેન્ટ તરીકે જીવણભાઈએ ફોર્મ ભરતા તેમની બિનહરીફ વરણી થઈ છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ આજે જિલ્લા કલેકટર દ્વારા સવારે ૧૧:૦૦ કલાકે વિધિવત જાહેરાત કરવામાં આવશે અને પ્રથમ બોર્ડ બેઠક પણ યોજાશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ચુંટણી પ્રક્રિયામાં આજરોજ, તા. ૨૨ને શુક્રવારે, ચેરમેન માટે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન માટે જીવણભાઈ પટેલે ફોર્મ ભર્યું હતું અને નિયત સમયમાં અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ભરેલ નથી. માટે બિન હરીફ જાહેર થશે. ચેરમેન તરીકે દિનેશભાઈ પાઠકના નામ માટે દેવાંગભાઈ માંકડે દરખાસ્ત મૂકી હતી અને ચંદ્રેશભાઈ ધોળકિયાએ ટેકો આપેલ હતો. જયારે વાઈસ ચેરમેન તરીકે જીવણભાઈ પટેલના નામ માટે માધવભાઈ દવેએ દરખાસ્ત મૂકી હતી અને અશોકભાઈ ગાંધીએ ટેકો આપેલ હતો. માટે આવતીકાલે બિન હરીફ જાહેર થશે.

### આજે કલેકટર વિધિવત કરશે જાહેરાત : નવા બોડીના ડિરેક્ટરોની મળશે પ્રથમ બેઠક



શ્રી દિનેશભાઈ પાઠક



શ્રી જીવણભાઈ પટેલ



દિનેશભાઈ પાઠક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સમર્પિત કાર્યકર છે. તેઓ નેશનલ ઇન્સ્યુરન્સ કંપનીમાં સીનીયર બ્રાંચ મેનેજર તરીકે કાર્ય કરતા હતા. રાજકોટ નાગરિક સહકારી બેંક લી.માં ૨૦૨૧-૨૦૨૨માં કો-ઓપ્ટ ડીરેક્ટર તરીકે સેવા આપી હતી. ત્યારબાદ ૨૦૨૨થી ડીરેક્ટર તરીકે કાર્યરત છે. ગેલેક્સી ગ્રુપના જીવણભાઈ પટેલ જાણીતા ઉદ્યોગપતિ છે. વડીલ જીવણભાઈ હસમુખા સ્વભાવના માલિક છે. તેઓએ બેંકમાં ૨૦૦૪ થી ૨૦૨૨ સુધી ડીરેક્ટર તરીકે અને ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી વાઈસ ચેરમેન તરીકે સેવા આપી હતી.

આજે તા. ૨૩ને શનિવારે સવારે ૧૧ જીલ્લા કલેકટર અને રીટર્નીંગ ઓફીસર પ્રભાવ જોશીની ઉપસ્થિતિમાં રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની હેડ ઓફિસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલયના ચોથા માળે આવેલ બોર્ડ રૂમમાં ડીરેકટરોની મીટીંગ યોજાશે અને તેમાં પ્રભાવ જોશી નવા ચેરમેન માટે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન માટે જીવણભાઈ પટેલના નામની વિધિવત ઘોષણા કરશે. ઉપસ્થિત બોર્ડના ડિરેક્ટરો દ્વારા એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે રીતે સભાસદો તથા ખાતેદારોએ ભરોસો દાખવ્યો છે તે મુજબ હવે બેંકને સર્વોચ્ચ શિખર ઉપર પહોંચાડવા માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે એટલું જ નહીં બેંકને અનેક નવા આયામો સર કરવા માટે તમામ જરૂરી પગલાંઓ પણ લેવામાં આવશે.

### તમે વાહનમાં ચાવી રાખી મુકવાની ટેવ ધરાવતાં હોવ તો ચેતી જજો

# ચાવી સાથેનું વાહન ભાળતા જ ઉપાડી લેતો ઉઠાવીગીર રસોઈયો પકડાયો

## ચોરેલુ વાહન નંબર બદલ્યા વગર જ ફેરવતોઃ બેએક વખત વાહનમાલિકોએ પકડી ઠમઠોર્યો હતોઃ બે વાહન ચોરીમાં ડીસીબીની ટીમે પકડ્યો



**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

ચોર ગઠીયાઓની પણ ગુના આચરવાની પોત પોતાની એમઓ એટલે કે મોડસ ઓપરેન્ડી હોય છે. તે પોતાને ફાવટ આવી જાય તેવા એક જ પ્રકારથી ગુનાખોરીને અંજામ આપતાં હોય છે. ક્રાઈમ બ્રાંચે એક નેપાળી વાહનચોરને પકડી લીધો છે, આ શખ્સની ખાસીયત એ છે કે તે જે લોકો પોતાના ટુવ્હીલરમાં ચાવી રાખીને ગયા હોય તેવા વાહનો જ ચોરતો હતો. ચોર્યા પછી નંબર પ્લેટ બદલ્યા વગર બિન્દાસ્ત રીતે તે આ ચોરાઉ વાહન ફેરવતો હતો. આવુ કરવામાં એક બે વખત તો મુળ માલિકે જ તેને પકડીને ઠમઠોર્યો હતો. આ વખતે ક્રાઈમ બ્રાંચે તેને બે વાહન ચોરીમાં પકડી લીધો છે.

શહેરમાં વાહનચોરી, ઘરફોડ ચોરી, ચિલઝડપ, લૂંટના બનાવો અટકાવવવા અને આવા બનેલા ગુનાઓ ડિટેક્ટ કરવા સુચના મળી હોઇ ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ઓગણીસ વર્ષનો કરણ હરિબહાદુર બીસ્ટ (રહે. સ્ટાર લાઇફસ્ટાઇલ સોસાયટી બંગલા નં.-૨, ન્યારી ડેમ પાસે સંદીપભાઇની બાજુમાં, મુળ નેપાળ)ને પકડી લીધો હતો. તેની પાસેથી પંચોતેર અને પંદર હજારની કિમતના બે વાહન એકટીવા જીજે૦૩એનઆર-૯૩૯૪ અને હોન્ડા જીજે૦૩ડીએલ-૬૦૬૫ કબ્જે કકર્યા હતાં. હેડકોન્સ. અનિલભાઇ સોનારા, કોન્સ. હરપાલસિંહ જાડેજા અને ધર્મરાજસિંહ રાણા તથા જીલુભાઇ ગરચરને મળેલી બાતમી પરથી કરણને એકટીવા સાથે પકડી લઇ પુછતાછ કરાતાં વધુ એક હોન્ડા પણ ચોરી કર્યાનું કબુલ્યું હતું. આ બંને વાહન તેણે પ્ર.નગર અને એ-ડિવીઝન પોલીસની હદમાંથી ચોરી કર્યા હતાં. પુછતાછમાં તેણે કબુલ્યું હતું કે તે અલગ અલગ હોટેલમાં રસોઇયા તરીકે કામ કરે છે. જો કે હાલમાં કંઇ કામ કરતો નથી. પોતાને વાહન ફેરવવાનો શોખ હોઇ કોઇપણ સ્થળે ચાવી ભરાવેલુ ટુવ્હીલર હોય તો તે ઉઠાવી લેતો હતો.

આ ભડનો છોડીયો જે વાહન ચોર્યુ હોય એ જ વાહન નંબર પ્લેટ બદલ્યા વગર જ ફેરવતો હતો. અગાઉ તો એક વાહન માલિકે જ તેને પકડી લીધો હતો. પણ ફરિયાદ થઇ ન હોઇ વાહન પાછુ લઇ ટપારીને જવા દીધો હતો. ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોરની રાહબરીમાં પીએસઆઇ એ. એસ. ગરચરની ટીમના હેડકોન્સ. અનિલભાઇ સોનારા, હરપાલસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, જીલુભાઇ ગરચર, મૈસુરભાઇ કુંભારવાડીયા, અશ્વિનભાઇ પંપાણીયાએ આ ડિટેક્શન કર્યુ હતું. ચાવીઓ વાહનમાં રાખીને વાહન રેઢુ મુકતા હોવ તો ચેતી જજો, ક્યાંક તમારુ વાહન પણ ઉપડી ન જાય.

## ભાજપ સરકારની પ્રજાને લૂંટો, સરકારની તિજોરી લૂંટો પ્રકારની નીતિ

# અદાણી ગ્રુપ દ્વારા અપાયેલી લાંચના આરોપોની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા કરાવો : ગોહિલ

### રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ - રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલની માંગ

રાજકોટ મિરર, તા.૨૨

ભારત દેશ કૃષિ પ્રધાન દેશની સાથે સાથે ઉદ્યોગો પણ આગળ વધે તે જરૂરી છે પરંતુ ઉદ્યોગો ખેતીના ભોગે, રાજ્યની તિજોરીને નુકશાનકર્તા ન હોવું જોઈએ. ઉદ્યોગો ભ્રષ્ટાચાર વિહીન હોવા જોઈએ. ગુજરાતમાં વર્ષ ૧૯૯૨-૯૩ માં સૌથી વધારે મુડી રોકાણ આવ્યું હતું. તત્કાલીન કોંગ્રેસ સરકારનાં પ્રયાસો હતા કે ઉદ્યોગો આવે જેમાં સરકારનો મુખ્ય ધ્યેય ખેતીને નુકશાન ન થાય, કોઈ ઉદ્યોગને મોનોપોલી ન થાય તે રીતે સર્વ સમાવેશી કેટલીક નીતિઓ બનાવી હતી. ભાજપ સરકારની પ્રજાને લૂંટો, સરકારની તિજોરી લૂંટો પ્રકારની નીતિ રહી છે ત્યારે અદાણી ગ્રુપ દ્વારા અપાયેલી ૨૧૦૦ કરોડની લાંચના અતિગંભિર આરોપોની સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા સંપૂર્ણ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને રાજ્યસભા સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં જામનગર ખાતે એશિયાની સૌથી મોટી રીફાઈનરીની રીલાયન્સ અને એસ્સાર બન્નેને કંપનીઓ વચ્ચે સ્પર્ધા હોવા છતાં સ્થાપના કરવામાં આવી. જેનો લાભ ગુજરાત અને સમગ્ર દેશને મળી રહ્યો છે. આદિવાસી વિસ્તારના વિકાસ માટે પંચમહાલ જીલ્લામાં કાર ઉત્પાદન કરતી જનરલ મોટર્સના પ્લાન્ટની સ્થાપના કરીને સ્થાનિકોને રોજગારીની મોટી તકો ઉભી કરવામાં આવી. ભાજપના મળતીયા ઉદ્યોગપતિઓ માટે કોઈ નિયમ નહિ કે કોઈ કાયદો નહિ. ન ખાઉંગા ના ખાને દુંગાની વાતો કહેતી ભાજપના રાજમાં આજે સામન્ય માણસ બોલતો થયો છે. મોદી અદાણી ભાઈ ભાઈ તિજોરી લૂંટી મલાઈ ખાઈ. જનતા ની તિજોરી લૂંટાઈ રહી છે.



અમેરિકામાં રોકાણકારો નાં હિતના રક્ષણ માટે સંસ્થા સિક્યોરિટીઝ એક્સચેન્જ કમિશન (SEC) દ્વારા કરવામાં આવેલો આરોપ એ છે કે ગૌતમ અદાણી અને સાત સહયોગીઓએ ભારતમાં ઊંચી કિંમતના સોલાર પાવર કોન્ટ્રાક્ટ્સ મેળવવા માટે ૨,૦૦૦ કરોડ (૨૫૦ મિલિયન)ની લાંચ યોજનાનું આયોજન કર્યું હતું. યુ.એસ.ના આરોપમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે, અદાણી અને તેના સહયોગીઓએ ૧૬,૦૦૦ કરોડ (૨ બિલિયન) થી વધુનો નફો મેળવવાના અનુમાનિત કરારો સુરક્ષિત કરવા માટે ભારત સરકારના અધિકારીઓને લાંચની ઓફર કરી હતી. આ કોન્ટ્રાક્ટ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર, ઓડિશા અને તમિલનાડુ રાજ્યોમાં હતા.આમાંથી ચાર રાજ્યોમાં વિપક્ષી દળોનું શાસન છે, ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હેઠળ સીધું કેન્દ્રનું શાસન હતું. રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા ભાજપ શાસિત રાજ્યોમાં વધુ પડતી કિંમતના સોલાર પાવર માટેના તાજેતરના કોન્ટ્રાક્ટ સમાન પેટર્ન સૂચવે છે.

અદાણી સાથે વડાપ્રધાનના ગાઢ સંબંધો અંગે હમ અદાણી કે હૈ કૌન ૧૦૦ પ્રશ્નો કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયા હતા. અદાણીના એરપોર્ટ, બંદરો, મીડિયા કંપનીઓ અને સિમેન્ટ પ્લાન્ટના અધિગ્રહણની સુવિધા આપવા માટે વડાપ્રધાનની સતર્ક નજર હેઠળ કરવામાં આવ્યો છે. તેમ છતાં કોઈપણ પ્રકારની નિષ્પક્ષ તપાસ કરવામાં આવી નહી. તેનાથી વિપરીત વિપક્ષી રાજનેતાઓને નિશાન બનાવવા, વિપક્ષી દળોને તોડી પાડવા અને વિપક્ષના મુખ્યમંત્રીઓને જેલમાં ધકેલી દેવા માટે સતત એજન્સીઓનો દુરુપયોગ થાય છે. વ્હાઈટ કોલર ક્રાઈમ-સેબી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી), સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની તપાસ કરવાનું કામ સોંપવામાં આવેલી સંસ્થાઓ-વિશ્વાસપાત્ર આરોપો છતાં અદાણીની તપાસ કરવામાં નિષ્ફળ ગઈ છે એટલું જ નહીં ઉચ્ચ અધિકારીઓના આદેશથી તેમની થોડી તપાસ અટકાવવામાં આવી હતી.

આ કારણે અદાણી સામેની તપાસ અમેરિકા જેવા આંતરરાષ્ટ્રીય ન્યાયક્ષેત્રમાંથી બહાર આવી રહી છે. તો પછી, યુ.એસ.માં આ ગુનો કેમ બને છે? ગૌતમ અદાણી અને તેના સહયોગીઓ સામેના આરોપમાં ખાસ કરીને ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA) અને ફેડરલ સિક્યોરિટીઝ કાયદા હેઠળ યુએસ(USA) કાયદાના ઉલ્લંઘનનો સમાવેશ થાય છે. FCPA યુએસ વ્યક્તિઓ, વ્યવસાયો અને યુએસ સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ વિદેશી સંસ્થાઓને અથવા વિદેશી અધિકારીઓને લાંચ આપવાથી યુએસ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકે છે. અદાણીના સહીયોગીઓ પર યુએસ રોકાણકારોને ગેરમાર્ગે દોરવા માટે સિક્યોરિટીઝ છેતરપિંડીનો પણ આરોપ છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ પર આ પ્રવૃત્તિઓ જાહેર કર્યા વિના યુએસ રોકાણકારો પાસેથી ૧૭૫ મિલિયનથી વધુ એકત્ર કરવાનો આરોપ છે, આમ ફેડરલ સિક્યોરિટીઝ કાયદાનું ઉલ્લંઘન કરે છે. આરોપોમાં છેતરપિંડી કરવા માટે ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારનો ઉપયોગ બ્રાઈબરી નોટ સમાવેશ થાય છે. યુએસ રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી ઈલેક્ટ્રોનિક માધ્યમથી લાંચ ષડયંત્રને યુએસ કાયદા હેઠળ છેતરપિંડી નોંધાય છે.

### ભારતમાં લાંચ એ ગુનો છે : શક્તિસિંહ

ભારતીય કાયદા હેઠળ પણ લાંચ ગેરકાનૂની છે, અને યુ.એસ.માં તે ગુનો છે કે કેમ તે ભારતીયો માટે ગૌણ છે. સેબીના નિયમોનું ઉલ્લંઘનઃ આરોપ દર્શાવે છે કે અદાણીએ ખોટો દાવો કર્યો હતો ભારતીય સ્ટોક એક્સચેન્જો કે કોઈ તપાસ ચાલી રહી નથી, તે સેબીના નિયમોનો સ્પષ્ટ ભંગ છે. વીજળીના ભાવો પર અસરઃ અદાણી જૂથના કૌભાંડોમાં સીધો વધારો થયો છે આરોપમાં DISCOMS એ સુનિશ્ચિત કરવા માટે લાંચ ચુકવવામાં આવી હતી કે તે ગ્રાહકોને ખર્ચ સાથે વધુ કિંમતે સોલાર પાવર ખરીદે છે એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં, કોલસા અને પાવર સાધનોના ઓવર–ઈન્વોઈસિંગના ભૂતકાળના આક્ષેપોએ પણ વીજળીના ભાવમાં વધારો કર્યો હતો. દાખલા તરીકે, ઈન્ડોનેશિયાથી ગુજરાતના મુન્દ્રામાં નિકાસ કરવામાં આવતા કોલસામાં ભારતમાં પહોંચતા પહેલા ૫૦%નો રહસ્યમય ભાવ વધારો જોવા મળ્યો હતો. અદાણી પાવર દ્વારા ખરીદવામાં આવેલ આ અતિશય કિંમતના કોલસાને કારણે ગુજરાતમાં ૨૦૨૧ અને ૨૦૨૨ ની વચ્ચે વીજળીના દરો બમણા થઈ ગયા.

### સેબીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન

કોલસાના ઓવર–ઈનવોઈસિંગમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ કથિત રીતે સેબીના નિયમોનું ઉલ્લંઘન કરીને અદાણી ગ્રુપની કંપનીઓમાં બેનામી હોલ્ડિંગ બનાવવા માટે કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિઓએ કૃત્રિમ રીતે અદાણીના શેરના ભાવમાં વધારો કર્યો, જેનાથી શેરબજારમાં ૧૦ કરોડ ભારતીય રોકાણકારો માટે જોખમ ઊભું થયું. સુપ્રીમ કોર્ટની એક્ઝિક્યુટિવ કમિટીએ તેને બે મહિનાની સમયમર્યાદા આપ્યા પછી ૨૦ મહિના પછી પણ અદાણીની તપાસ પૂર્ણ કરવામાં સેબીની નિષ્ફળતા સાથે SECની નિર્ણાયક ક્રિયાઓ તીવ્રપણે વિપરીત છે. સેબીના ચેરપર્સન માધવી બૂચના અદાણી સાથેના નાણાકીય સંબંધો આ વિલંબ અંગે ગંભીર ચિંતા પેદા કરે છે.

### ૨,૦૦૦ કરોડના આરોપો સાથે વડા પ્રધાનના નજીકના સાથી મુક્ત ફરે છે?

લાંચના આ ગંભીર આરોપોની સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) દ્વારા સંપૂર્ણ તપાસની કોંગ્રેસ પક્ષ માંગ કરે છે, જેમાં કથિત રીતે વિશ્વસનીય પુરાવા છે. જો ભાજપ કબૂલ કરે છે કે વિપક્ષના શાસન હેઠળના રાજ્યો અને કેન્દ્રશાસિત જમ્મુ અને કાશ્મીર તેમાં સામેલ છે, તો શું તે સ્વીકારતું નથી કે અદાણીએ અધિકારીઓને લાંચ આપી હતી? શું આ ગુનો નથી? રૂ. ૩૧ કરોડ અથવા રૂ. ૧૦૦ કરોડના આરોપો માટે વિપક્ષના મુખ્યમંત્રીઓની ધરપકડ કેમ થાય છે, પરંતુ રૂ. ૨,૦૦૦ કરોડના આરોપો સાથે વડા પ્રધાનના નજીકના સાથી મુક્ત ફરે છે? કાયદાનો આ પસંદગીયુક્ત અમલ રાષ્ટ્ર માટે અનાદર છે. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી, કો–કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તા નૈષદ દેસાઈ, હિરેન બેન્કર, શ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# જુગારની લત માણસને આત્મહત્યા સુધી લઈ જાય છે



રાજકોટ, તા. ૨૨

સામાન્ય રીતે લોકો વિચારતા હોય છે કે જુગાર એક ખોટી આદત છે, પરંતુ વાસ્તવમાં તે એક ડિસઓર્ડર છે અને સારવાર કરીને તેને દૂર કરી શકાય છે. જુગાર (પત્તા)રમવાની ખરાબ અસરો પછી પણ જો તમે જુગાર રમવાનું ચાલુ રાખશો, તો તે એક માનસિક વિકાર એટલે કે 'કંપલસીવ ગેમ્બલિંગ ડિસઓર્ડર' માં તબદીલ થઈ શકે છે.

જુગારનો અર્થ છે કે તમે તમારા જીવનમાં કંઇક મોટું મેળવવા માટે તમે જેનું સન્માન કરો છો તેને પણ દાવ પર મૂકો છો. જુગારની મગજ પર આલ્કોહોલ અને ડ્રગ્સ જેવી જ અસર પડે છે, જેના કારણે આપણે તેના વ્યસની બનીએ છીએ. વ્યક્તિ જુગાર રમવાના વ્યસની હોય તો વારંવાર હાર્યા પછી પણ અન્ય લોકો સાથે શરત લગાવશે, પોતાનો વ્યસની વ્યવહાર છુપાવવાની કોશીશ કરશે, જેનાથી વ્યક્તિનું કર્જ વધે છે અને બચાવીને રાખેલ પૈસા પણ જુગાર રમવામાં બરબાદ થઈ જાય છે, ખાસ આ લતને બચાવી રાખવા અને કર્જને ચૂકવવા માટે વ્યક્તિ ચોરી, લૂંટ અથવા છેતરપિંડી પણ કરે છે.

ડાયગ્નોસ્ટિક એન્ડ સ્ટેટેસ્ટિકલ મેન્યુઅલ ઓફ મેન્ટલ ડિસઓર્ડર પાંચમી આવૃત્તિ (ડીએસએમ -૫) માં તેને 'કંપલસીવ ગેમ્બલિંગ ડિસઓર્ડર' તરીકે રજૂ કરવામાં આવ્યું છે.કુલ વસ્તીમાં ગેમ્બલિંગ ડિસઓર્ડરવાળા અડધા લોકો આત્મહત્યા વિચારધારા ધરાવે છે, અને આશરે ૧૭% લોકોએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરે છે.જુગાર રમનારા મોટાભાગના લોકો જુગારમાં એકવાર હાર્યા બાદ રમવાનું છોડી દે છે, પરંતુ ગેમ્બલિંગ ડિસઓર્ડર ધરાવતી વ્યક્તિ પોતાના હારેલ પૈસાને વારંવાર હાર્યા બાદ રમીને તેમાંથી જ મેળવવાની કોશિશ કરે છે.

## જુગારની મગજ પર આલ્કોહોલ અને ડ્રગ્સ જેવી જ અસર પડે છે : યોગ્ય ધ્યાન ન અપાય તો 'કંપલસીવ ગેમ્બલિંગ ડિસઓર્ડર' માં તબદીલ થઈ શકે

## ગેમ્બલિંગ ડિસઓર્ડરનાં કારણો

**ગેમ્બલિંગ ડિસઓર્ડરનું ચોક્કસ કોઈ કારણ નથી. ગેમ્બલિંગ ડિસઓર્ડર પણ જૈવિક, આનુવંશિક અને પર્યાવરણીય પરિબળોનું સંયોજન છે.**

#### ૧. માનસિક વિકાર

જે લોકો ગેમ્બલિંગ ડિસઓર્ડર ધરાવે છે તેમને ડ્રગની લત, વ્યક્તિત્વ ડિસઓર્ડર, હતાશા, વધારે પડતી તનાવપૂર્ણ પરિસ્થિતિ પણ હોઈ શકે છે.

#### ૨. ઉંમર

યુવા લોકો અને ૪૦ વર્ષની વય આસપાસના લોકો ઘણીવાર આ વ્યસનથી પ્રભાવિત થાય છે. જો કોઈ વ્યક્તિ કિશોરવયમાં જુગાર રમે છે, તો તે મોટા થાય ત્યાં સુધીમાં જુગાર રમવાનો વ્યસની બની જાય છે. જો કે, પુખ્ત વયના લોકોમાં જુગારની વ્યસન પણ એક ગંભીર સમસ્યા હોઈ શકે છે.

#### ૩. જાતિ

ગેમ્બલિંગ ડિસઓર્ડર સ્ત્રીઓ કરતા પુરુષોમાં વધુ જોવા મળે છે. મહિલાઓ ઘણીવાર કિશોરાવસ્થા પછી ગેમ્બલિંગ ડિસઓર્ડરનું પ્રમાણ વધે છે. અને આ વ્યસનથી તેઓ ખૂબ જ ઝડપથી અસરગ્રસ્ત થઈ શકે છે. હાલના સમયમાં આ સમસ્યા એકસરખી રીતે મહિલાઓ અને પુરુષોમાં ફેલાઈ રહી છે.

#### ૪. કુટુંબ

કુટુંબ અથવા મિત્રોનો પ્રભાવ જો તમારા મિત્રો અથવા કુટુંબના સભ્યો ગેમ્બલિંગ ડિસઓર્ડર ધરાવતા હોય તો વ્યક્તિમાં વ્યસની થવાનું જોખમ વધે છે. કેમ કે, પરિવારના સભ્યો કે મિત્રો જુગાર રમે એટલે અન્ય વ્યક્તિ એબપન રસ રુચિ પડે પરિણામે વ્યક્તિ વ્યસની બને છે.

#### ૫. પાર્કિન્સન રોગ અને રેસ્ટલેસ લેગ્સ સિન્ડ્રોમની દવાઓ

ડોપામાઇન એગોનિસ્ટ્સ જેવી દવાઓની આડઅસર જે અંતર્ગત આ દવાઓ લેતી વ્યક્તિ સામાન્ય રીતે કોઈ વસ્તુનો વ્યસની બની જાય છે. આવી વસ્તુઓમાં જુગાર પણ શામેલ છે.

#### ૬. વ્યવહારિક પરિબળો

સ્પર્ધા, અતિશય કાર્યમાં વિશ્વાસ કરવો, અશાંતી અથવા જલ્દીથી કોઈ કામથી કંટાળો આવે છે, તો વ્યક્તિને જુગારની લત લાગી શકે છે.

## ગેમ્બલિંગ ડિસઓર્ડરની સારવાર

**મોટાભાગના લોકોમાં ગેમ્બલિંગ ડિસઓર્ડર વિષે વધારે જાણકારી નથી હોતી માટે તે સારવાર માટે ડોક્ટર્સ પાસે જવાનું ટાળે છે.**

#### ૧. મનોવૈજ્ઞાનિકનો સંપર્ક કરો.

મનોવૈજ્ઞાનિક ગેમ્બલિંગ ડિસઓર્ડર વિશે તમને કંઈપણ પૂછે એના સાચા જવાબો આપવા. જેથી મિત્રો અને પરિવારના સભ્યો સાથે પણ વાત કરી શકે, લો કે કાયદા હેઠળ, ડોકટરો તમારી મંજૂરી વિના તમારી સાથે સંબંધિત કોઈપણ માહિતી જાહેર કરી શકતા નથી. તેથી નિશ્ચિંતપણે બધી વાત મનોવૈજ્ઞાનિકને જણાવો જેથી યોગ્ય સારવાર મળી રહે.

#### ૨. અન્ય બીમારી અને દવા અંગે જાણકારી

કેટલીક દવાઓનો ઉપયોગ વ્યક્તિને જુગારનો પણ વ્યસની બનાવી શકે છે. જેના કારણે વ્યક્તિ જુગાર રમવા તરફ પ્રેરાય છે અને સમય જતાં રમવાની આદત પડી જાય છે.

#### ૩. માનસિક પરીક્ષણ

મનોવૈજ્ઞાનિક જુગાર સાથે સંકળાયેલ લક્ષણો, વિચારો, લાગણીઓ અને વર્તન વિશે પ્રશ્નો પૂછશે. લક્ષણો અને વર્તનને આધારે, નક્કી કરશે કે, અન્ય માનસિક વિકાર કે ગેમ્બલિંગ ડિસઓર્ડર છે કે નહીં.

#### ૪. થેરાપી

બોધનાત્મક વર્તણૂકીય ઉપચાર દર્દી માટે ફાયદાકારક છે. જેમાં વ્યવસ્થિત રીતે વ્યવહાર કરવાની બધી રીતો શીખવવામાં આવે છે, જેનાથી વ્યક્તિ જુગારની તૃષ્ણાઓને કાબૂમાં કરી શકે છે, તેમજ ચીડિયાપણું, અતાર્કિક અને નકારાત્મક વર્તનને બદલે સારી અને સકારાત્મક બાબતો વ્યક્તિ ગ્રહણ કરી શકે છે. કૌટુંબિક ઉપચાર પધ્ધતિ ગેમ્બલિંગ ડિસઓર્ડર સારવાર માટે પણ મદદરૂપ થઈ શકે છે.

#### ૫. સ્વયં-સહાયક જૂથો

જે પોતાના જેવી જ સમસ્યાનો સામનો કરી રહી છે, તેવા વ્યક્તિ સાથે વાત કરવાથી વ્યક્તિને વધુ સારું લાગે છે. જે સારવારમાં મદદ કરી શકે છે. મનોવૈજ્ઞાનિકની સલાહ લીધા પછી આવા જૂથના સંપર્કમાં રહેવું જોઈએ. ગેમ્બલિંગ ડિસઓર્ડર ની સારવાર જરૂરિયાતો અને વ્યવસ્થા પર આધારિત છે. આઉટપેશન્ટ પ્રોગ્રામ, ઈનપેશન્ટ પ્રોગ્રામ અથવા હોમ ટ્રીટમેન્ટ લઈ શકાય છે.

## ગેમ્બલિંગ ડિસઓર્ડરથી થતી કેટલીક સમસ્યાઓ

ગેમ્બલિંગ ડિસઓર્ડરની પર્સનલ અને પ્રોફેશનલ બન્ને લાઈફમાં નેગેટિવ અસર કરી છે.

❖ સંબંધોમાં મુશ્કેલી
❖ દેવું જેવી નાણાકીય સમસ્યાઓ
❖ કાનૂની કાર્યવાહી અથવા જેલ થવી
❖ કામમાં રસ રુચિ ઘટવી
❖ નોકરી કે બિઝનેસમાં મુશ્કેલી
❖ શારીરિક–માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ
❖ આત્મહત્યાના વિચાર અને પ્રયાસ
❖ ચિંતા, હતાશા, તણાવ, એકાગ્રતામાં મુશ્કેલી, બેચેની અને સતત ચીડિયાપણું.



## ગેમ્બલિંગ ડિસઓર્ડરથી બચવા માટે

જો કે ગેમ્બલિંગ ડિસઓર્ડરથી બચવા માટે કોઈ ઉપાય નથી, તેમ છતાં કેટલાક શૈક્ષણિક કાર્યક્રમો આ વ્યસનથી દૂર થવા માટે મદદ કરી શકે છે. જુગારની લત લાગી હોય તો જુગાર રમવાનું ટાળવું જોઈએ. જુગાર રમતા લોકોથી દૂર રહેવું અને એવી જગ્યાએ પણ ન જવું જ્યાં જુગાર રમવામાં આવે છે. પ્રારંભિક લક્ષણો દેખાય કે તરત જ તબીબી સારવાર તેમજ મનોવૈજ્ઞાનિકની સલાહ લેવી જેથી ગેમ્બલિંગ ડિસઓર્ડરથી બચી શકાય.

## ગેમ્બલિંગ ડિસઓર્ડરના લક્ષણો

❖ જુગાર ન રમવા પર બેચેની અને ચીડિયાપણાનો અનુભવ.
❖ અપરાધ, તણાવ અથવા હતાશા જેવી લાગણીઓને ટાળવા માટે રમવું.
❖ જુગારના પૈસા માટે ચોરી અથવા છેતરપિંડીનો આશરો લેવો.
❖ હંમેશા જુગાર વિશે વિચારવું.
❖ હંમેશા જુગાર માટે પૈસા ક્યાંથી મળશે તેના વિશે પ્લાનિંગ કરવું
❖ જ્યારે વધારે પૈસા મળે ત્યારે વધુ જુગાર રમવો
❖ જુગારમાં હારેલ પૈસાને જુગાર દ્વારા જ લાવવાનો પ્રયાસ કરવો.
❖ જુગારના વ્યસન વિશે પોતાના ઘર–પરિવાર સાથે ખોટું બોલવું..
❖ જુગારની વ્યસનને કારણે નોકરી, શાળા અને કામથી સંબંધિત આવશ્યક તકો ગુમાવવી.
❖ સખત પ્રયાસ કર્યા પછી પણ જુગારના વ્યસનને નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળતા.
❖ જુગારના કારણે વધેલા દેવાથી બહાર આવવા માટે અન્યની મદદ લેવી.